પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૧૮૦ • કુલ પાના : ૪ • તારીખ : ૨૪-૦૩-૨૦૨૩ શુક્રવાર • કિંમત રૂ.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### સુરત માનહાનિ કેસમાં ચુકાદો

## કોંગ્રેસના પૂર્વ પ્રમુખ રાહુલ ગાંધીને બે વર્ષની સજા અને પંદર હજાર રૂપિયાના દંડની સજા સંભળાવવામાં આવી

સુરત,

સુરતની કોર્ટમાં કોંગ્રેસી સાંસદ રાહુલ ગાંધી સામે ભાજપના ધારાસભ્ય પૂર્ણેશ મોદીએ 'મોદી' અટક ધરાવતા વ્યક્તિઓ પર ટિપ્પણી કરવા બદલ માનહાનિનો કેસ દાખલ કર્યો હતો. આ કેસમાં આજે ચુકાદો આવ્યો છે જેમાં રાહુલ ગાંધીને બે વર્ષની સજા અને પંદર હજાર રૂપિયાના દંડની સજા સંભળાવવામાં આવી છે. આ ચુકાદા બાદ રાહુલ ગાંધીના વકીલે જામીન માગ્યા હતા અને તરત જામીન આપવામાં આવ્યા હતા. હવે રાહુલ ગાંધી આ કેસ લઈને હાઈકોર્ટમાં જશે એવું જાણવા મળ્યું છે.

કર્ણાટકના કોલાર ગામમાં ૧૩ એપ્રિલ ૨૦૧૯ના દિવસે સાંસદ અને કોંગ્રેસી નેતા રાહુલ ગાંધીએ ચૂંટણી સભામાં કહ્યું હતું કે નીરવ મોદી, લલિત મોદી, નરેન્દ્ર મોદીની અટક કેમ કોમન છે? બધા ચોરની અટક મોદી કેમ છે? રાહુલના આ નિવેદનને લઈને ભાજપના ધારાસભ્ય અને પૂર્વ મંત્રી પૂર્ણેશ મોદીએ સુરત કોર્ટમાં તેમની વિરુદ્ધ અપરાધિક માનહાનિનો કેસ દાખલ કર્યો હતો. આ કેસમાં સુનાવણીઓ થઈ અને આજે સુરતની અદાલતે માનહાનિ કેસમાં ચુકાદો આપ્યો હતો. રાહુલ ગાંધી સુરત કોર્ટમાં હાજર રહ્યા હતા. સુરતની અદાલતે આજે ચુકાદો આપતાં માનહાનિ કેસમાં રાહુલ ગાંધીને દોષિત જાહેર કર્યા હતા. કલમ ૪૯૯ અને ૫૦૦ મુજબ તેમને બે વર્ષની સજા સંભળાવામાં આવી હતી અને પંદર હજાર રૂપિયાનો દંડ કરવામાં આવ્યો હતો. રાહુલ ગાંધીના વકીલે રાહુલ વતી આ કેસમાં જામીન માગતાં અદાલતે તે મંજૂર કર્યા હતા. રાહુલ ગાંધીના વકીલ બાબુભાઈ માંગુકિયાએ કહ્યું કે ૪૯૯ અને ૫૦૦ મુજબ દોષિત જાહેર થયા છે. આમાં લાંબી સજાની જોગવાઈ નથી. જામીન મળી ગયાં છે. નૈષધ દેસાઈ અને હસમુખ દેસાઈ રાહુલ ગાંધીના જામીનદાર બન્યા છે.



ફરિયાદી પક્ષ વકીલ તરફથી દલીલ કરવામાં આવી કે, કાયદાના ઘડનારા જ કાયદાનું ઉલ્લંઘન કરે તો એને માફ કરી શકાય નહીં. જેથી રાહુલ ગાંધીને સજા થાય તે માટેની દલીલ કરવામાં આવી છે. રાહુલ ગાંધીને વિષે તેમના તો વકીલે જવાબ આપ્યો કે, આ સમગ્ર ઘટનામાં કોઈ પણ પ્રકારની કોઈને ઈજા થઈ નથી. કોઈને નુકસાન થયું નથી. એવું કંઈ સામે આવ્યું નથી. અમારે કોઈપણ પ્રકારની દયા અરજી કરવી નથી. કોર્ટમાં સુનાવણી દરમિયાન રાહુલ ગાંધી પણ હાજર હતા. રાહુલ ગાંધીએ કોર્ટમાં કહ્યું હતુ કે મારો ઈરાદો ખોટો નહોતો, ભ્રષ્ટાચાર સામે અવાજ ઉઠાવ્યો હતો. મારા નિવેદનથી કોઈને નુકશાન નથી થયું.

સુરત કોર્ટે ચુકાદો આપ્યા પછી રાહુલ ગાંધીએ મહાત્મા ગાંધીના વિધાનને ટાંકીને ટ્વિટ કર્યું હતું. મેરા ધર્મ સત્ય ઔર અહિંસા પર આધારિત છે. સત્ય મેરા ભગવાન હૈ, અહિંસા ઉસે પાને કા સાધન. - મહાત્મા ગાંધી. કોંગ્રેસના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી ફરી એક વખત સુરત આવ્યા છે. આજે સુરત કોર્ટમાં ૧૧:૦૦ વાગ્યે હાજર થયા હતાં ભારત જોડો યાત્રા બાદ ગુજરાતમાં સુરત ખાતે પહેલી વખત આવ્યા હતાં ત્યારે કાર્યકર્તાઓ દ્વારા તેમના સ્વાગતની વિશેષ તૈયારી કરવામાં આવી હતી સ્વાગત માટે ડુમસ ચોકડી પાસે પહેલો પોઈન્ટ, વેસુ એનઆઈટી પાસે બીજો અને પૂજા અભિષેક એપાર્ટમેન્ટ પાસે ત્રીજો પોઈન્ટ બનાવવામાં આવ્યો હતો આ ત્રણેય પોઈન્ટ પર કોંગ્રેસના કાર્યકર્તાઓ દ્વારા રાહુલ ગાંધીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આજરોજ રાહુલ ગાંધી કોર્ટમાં હાજર થવાના હોવાથી કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ જગદીશ ઠાકોર, રઘુ શર્મા, અમિત ચાવડા સહિતના નેતાઓ સુરત આવી પહોંચ્યા હતાં ગુજરાતના પ્રભારી રઘુ શર્માએ જણાવ્યું કે રાહુલ ગાંધીને માત્ર રાજકીય કિન્નાખોરીથી પરેશાન કરવામાં આવી રહ્યા છે. ભૂતકાળમાં પણ આ પ્રકારે રાહુલ ગાંધીને પરેશાન કરવામાં આવ્યા હતા. આ કોઈ રાજકીય કાર્યક્રમ નથી, એટલે હજી સુધી કાર્યકર્તાઓ સાથે મળવાનો તેમનો કોઈ ઔપચારિક કાર્યક્રમ નક્કી થયો નથી. આ પ્રકારના કેસમાં ન્યાયની અપેક્ષા અમે રાખીએ છીએ.

ઈન્ડિયન પીનલ કોડની કલમ ૫૦૦ મુજબ જો કોઈ વ્યક્તિ અન્ય વ્યક્તિની માનહાનિ કરે તો તે આ કલમ હેઠળ દોષિત ઠરે છે. આ કલમ હેઠળ ૨ વર્ષની સજા અથવા તો દંડની કે પછી બંનેની જોગવાઈ છે. આ એક જામીનપાત્ર ગુનો છે. ઈન્ડિયન પીનલ કોડની કલમ ૫૦૪ મુજબ જો કોઈ પણ કોઈ વ્યક્તિને ઉક્સાવવાના ઈરાદે જાણી જોઈને તેનું અપમાન કરે, ઈરાદાપૂર્વક કે પછી જાણી જોઈને આ પ્રકારની ઉશ્કેરણી તે વ્યક્તિને લોકશાંતિ ભંગ કરવા કે અન્ય અપરાધના કારણે થઈ શકે છે.

## કાયદા અને ન્યાયમાં વિશ્વાસ રાખો, તે મુજબ લડીશું : કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે

નવીદિલ્હી,

ગુજરાતના સુરતની એક અદાલતે ૨૦૧૯માં કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી દ્વારા મોદી અટક અંગે કરેલી ટિપ્પણી પર પોતાનો ચુકાદો આપ્યો હતો. કોર્ટે તેને આ કેસમાં દોષિત ઠેરવી બે વર્ષની જેલની સજા ફટકારી હતી. જો કે આ કેસમાં તેને તરત જ જામીન મળી ગયા હતા. આ સાથે જ રાહુલ અને અન્ય વિપક્ષી નેતાઓની પ્રતિક્રિયા પણ સામે આવી છે. મહાત્મા ગાંધીને ટાંકીને રાહુલ ગાંધીએ લખ્યું, મારો ધર્મ સત્ય અને અહિંસા પર આધારિત છે. સત્ય મારા ભગવાન છે, અહિંસા તેને મેળવવાનું સાધન છે.



કોંગ્રેસના રાષ્ટ્રીય મલ્લિકાર્જુન ખડગેએ કોર્ટના નિર્ણય પર પ્રતિક્રિયા આપતા કહ્યું કે તેમને જામીન મળી ગયા છે. અમે શરૂઆતથી જ જાણીએ છીએ કે ન્યાયાધીશો બદલતા રહ્યા. અમે કાયદા અને ન્યાયતંત્રમાં વિશ્વાસ કરીએ છીએ અને અમે કાયદા અનુસાર તેની સામે લડીશું.

રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે કહ્યું, અમે કહી રહ્યા છીએ કે અમારી લોકશાહી ખતરામાં છે કારણ કે ન્યાયતંત્ર, ચૂંટણી પંચ, ઈડી અને આ તમામનો દુરુપયોગ થઈ રહ્યો છે. તમામ નિર્ણયો અમલમાં લેવામાં આવે છે. આવી ટિપ્પણીઓ સામાન્ય છે..રાહુલ ગાંધી એક હિંમતવાન માણસ છે અને તેઓ જ NDA સરકાર સાથે સ્પર્ધા કરી શકે છે. કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ પોતાના ટ્વિટમાં પ્રતિક્રિયા આપતા કહ્યું કે, ડરી ગયેલી સત્તા, દામ, દંડ, ભેદ લગાવીને રાહુલ ગાંધીનો અવાજ દબાવવાનો પ્રયાસ કરી રહી છે. મારા ભાઈ ક્યારેય ડર્યા નથી અને ક્યારેય થશે પણ નહિ. સત્ય બોલતા જીવ્યા છે, સત્ય બોલતા રહીશે. દેશના લોકોનો અવાજ બુલંદ કરતા રહીશું. સત્યની શક્તિ અને કરોડો દેશવાસીઓનો પ્રેમ તેમની સાથે છે.

કોંગ્રેસના સાંસદ રેવંત રેડ્ડીએ કહ્યું કે, રાહુલ ગાંધી તાનાશાહી વિરુદ્ધ અવાજ ઉઠાવી રહ્યા છે. જે ખોટું છે તે ખોટું છે તે કહેવાની તેની હિંમત છે. અત્યાચારીઓ આ હિંમતથી ગભરાઈ જાય છે. અમે લડીશું અને જીતીશું.

દિલ્હીના મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલે કહ્યું કે, બિન-ભાજપ નેતાઓ અને પાર્ટીઓ પર કાર્યવાહી કરીને તેમને ખતમ કરવાનું ષડયંત્ર છે. કોંગ્રેસ સાથે અમારો મતભેદ છે, પરંતુ રાહુલ ગાંધીને આ રીતે માનહાનિના કેસમાં ફસાવી યોગ્ય નથી. પ્રશ્નો પૂછવાનું કામ જનતા અને વિપક્ષનું છે. અમે કોર્ટનું સન્માન કરીએ છીએ, પરંતુ નિર્ણય સાથે અસંમત છીએ.

## ચીને પણ માન્યું LAC પર બંને દેશો વચ્ચે સ્થિતિ નાજુક : ભારતમાં ચીની દૂતાવાસના પ્રભારી

નવીદિલ્હી,

ચીને ભારત સાથેના સંબંધોને લઈને ઘણી વાત કરી છે. ચીને કહ્યું છે કે, તે ભારત સાથે યુદ્ધ નથી ઈચ્છતું. ભારતમાં ચીની દૂતાવાસના પ્રભારી મા જિયાએ કહ્યું હતું કે, લદ્દાખમાં એલએસી નજીક બગડતી પરિસ્થિતિને કારણે ભારત અને ચીન વચ્ચેના સંબંધોમાં ખટાશ આવી ગઈ હશે, પરંતુ વાસ્તવમાં બંને પક્ષો સરહદી વિસ્તારોમાં યુદ્ધ ઈચ્છતા નથી. પત્રકારો સાથેની વાતચીત દરમિયાન જિયાએ કહ્યું કે, સરહદ પર સ્થિતિ સ્થિર છે. તેમણે કહ્યું કે બંને પક્ષો સરહદ પર સ્થિતિને નિયંત્રિત કરવા માટે વાતચીત કરી રહ્યા છે. તે જ સમયે, જ્યારે ચીનના રાજદૂતને પૂછવામાં આવ્યું કે, ભારતના વિદેશ પ્રધાન એસ જયશંકરે તાજેતરમાં કહ્યું હતું કે,



સરહદ પર પરિસ્થિતિ ખૂબ જ નાજુક છે, તેના જવાબમાં જિયાએ કહ્યું કે, આ જ કારણ છે કે બંને પક્ષો રાજદ્વારી અને લશ્કરી ચેનલો દ્વારા વાતચીત કરી રહ્યા છે.

તેમણે કહ્યું કે, WMCC (ભારત-ચીન બોર્ડર અફેર્સ પર કન્સલ્ટેશન એન્ડ કોઓર્ડિનેશન માટે વર્કિંગ મિકેનિઝમ) અને કમાન્ડર લેવલની બેઠકમાં આ અંગે ચર્ચા થઈ રહી છે, કારણ કે અહીં કેટલીક સમસ્યાઓ છે. આપણે તેનો સામનો કરવો પડશે. ઝિયાએ વધુમાં કહ્યું કે, અમને ખાતરી છે કે ચીન અને ભારત યુદ્ધ ઈચ્છતા નથી. અમારામાંથી કોઈ પણ પક્ષ સરહદી વિસ્તારોમાં યુદ્ધ ઈચ્છતા નથી.

જિયાએ કહ્યું કે, જ્યાં સુધી અમારી પાસે આ પ્રકારનો ઈરાદો છે અને એકબીજાની સમજ છે ત્યાં સુધી મને ખાતરી છે કે અમે કોઈને કોઈ રસ્તો શોધી કાઢીશું. તેમણે કહ્યું કે સીમા મુદ્દે સમજૂતી સુધી પહોંચવું સરળ નથી, કારણ કે તે ખૂબ જ જટિલ સમસ્યા છે. જિયાએ કહ્યું કે, રાષ્ટ્રપતિ શી જિનપિંગ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા બનાવવામાં આવેલી સર્વસંમતિ બંને પક્ષોને માર્ગ શોધવામાં મદદ કરી શકે છે.

તાજેતરમાં જ ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે ચીન સાથે ભારતના સંબંધોને લઈને મોટી વાત કહી હતી. તેમણે કહ્યું હતું કે, પૂર્વી લદ્દાખમાં એલએસીની સ્થિતિ ખૂબ જ નાજુક અને ખતરનાક છે. તેમણે કહ્યું હતું કે, જ્યાં સુધી સરહદ પરની સમસ્યાનું સમાધાન નહીં થાય ત્યાં સુધી ચીન સાથેના સંબંધો સામાન્ય નહીં થાય. તમને જણાવી દઈએ કે, ત્રણ વર્ષ પહેલા પૂર્વ લદ્દાખની ગલવાન ઘાટીમાં ચીન અને ભારતીય સેના વચ્ચે જબરદસ્ત અથડામણ થઈ હતી. આ દરમિયાન બંને દેશોના ઘણા સૈનિકો શહીદ થયા હતા. આ ઘટના બાદ અરુણાચલ પ્રદેશના તવાંગમાં બંને દેશોની સેનાઓ વચ્ચે અથડામણ થઈ હતી.

## ગુજરાતમાં NIAનાં દરોડા, ગઝવા અલ હિંદ કેસ મામલે બોટાદ, વાપી, સુરતમાં ત્રાટક્યું

સુરત,

ગુજરાતમાં એનઆઈએએ ગઝવા અલ હિંદ કેસ મામલે ત્રાટક્યું છે. દેશના અન્ય રાજ્યો સહીત ગુજરાતમાં અલગ અલગ સ્થળોએ એનઆઈએએ દરોડા પાડ્યા છે. આ દરોડાના પગલે વ્યાપક ફફડાટ ફેલાયો છે. ગઝવા અલ હિંદ કેસ મામલે એનઆઈએની ટીમ વાપી, બોટાદ અને સુરત ખાતે દરોડા પાડ્યા છે. ગુજરાત ઉપરાંત નાગપુર અને ગ્વાલિયર ખાતે પણ એનઆઈએની ટીમે તપાસ હાથ ધરી છે. નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ દેશભરમાં ગઝવા-એ-હિંદ સાથે સંકળાયેલા લોકોના સ્થળો પર દરોડા પાડ્યા હતા.એનઆઈએની ટીમે મહારાષ્ટ્ર, ગુજરાત, મધ્યપ્રદેશમાં કુલ ૭ સ્થળોએ કાર્યવાહી કરી હતી. ગઝવા-એ-હિંદ આતંકવાદી સંગઠન અલકાયદા સાથે મળીને કામ કરે છે.

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ મહારાષ્ટ્રમાં ૩, ગુજરાતમાં ૩ અને મધ્ય પ્રદેશમાં ૧ જગ્યાએ દરોડા પાડ્યા છે. ધ હિંદુના અહેવાલ મુજબ, રાષ્ટ્રીય તપાસ એજન્સીએ ગઝવા-એ-હિંદ કેસની તેની તપાસમાં ૨૩ માર્ચ, ૨૦૨૩ ના રોજ નાગપુરમાં ૩ સ્થળોએ સર્ચ હાથ ધર્યું હતું. આ કેસ હિંસક આતંકવાદી કૃત્યો કરવા માટે વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર પ્રભાવશાળી યુવાનોના કટ્ટરપંથી સંબંધિત છે.

એનઆઈએ અધિકારીઓ દ્વારા સર્ચ કરાયેલા સ્થળોમાં દેશવિરોધી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા અને સોશિયલ મીડિયા દ્વારા કટ્ટરપંથી યુવાનોના રહેણાંક વિસ્તારનો સમાવેશ થાય છે. એનઆઈએએ બિહારના ફુલવારીશરીફ પોલીસ સ્ટેશનમાં ગયા વર્ષે ૨૨ જુલાઈએ ગઝવા-એ-હિંદ સંબંધિત કેસ નોંધ્યો હતો.

ફુલવારીશરીફ કેસની તપાસમાં એનઆઈએએ કહ્યું હતું કે, "એવું જાણવા મળ્યું છે કે આરોપી મરગુબ અહેમદ દાનિશ, જે કટ્ટરપંથી વિચારધારા ધરાવતો માણસ છે, તે વોટ્સએપ ગ્રુપ ગઝવા-એ-હિંદ દ્વારા અનેક વિદેશી સંસ્થાઓના સંપર્કમાં હતો." તેણે જ આ વોટ્સએપ ગ્રુપ બનાવ્યું હતું.

એનઆઈએએ કહ્યું હતું કે, 'મર્ગુબ અહેમદ દાનિશના આ વોટ્સએપ ગ્રુપમાં પ્રભાવશાળી યુવાનોને કટ્ટરપંથી બનાવવાના હેતુથી કાશ્મીરમાં આતંકવાદી કૃત્યો અને ગતિવિધિઓને વખાણવામાં આવી રહી હતી. તેણે ગઝવા-એ-હિંદ નામનું બીજું વોટ્સએપ ગ્રુપ પણ બનાવ્યું હતું અને હિંસા દ્વારા ભારતને જીતવાની વાત કરી રહ્યો હતો. આ વર્ષે ૬ જાન્યુઆરીએ એનઆઈએએ આ કેસમાં બિહારની વિશેષ એનઆઈએ કોર્ટમાં એક આરોપી વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી હતી. અગાઉ ૧૫ માર્ચના રોજ, નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ પાકિસ્તાન સ્થિત પ્રતિબંધિત સંગઠનો દ્વારા જમ્મુ અને કાશ્મીરના યુવાનોને કટ્ટરપંથી બનાવવા, સમુદાયો, સુરક્ષા કર્મચારીઓ, ધાર્મિક કાર્યક્રમો, પ્રવૃત્તિઓ અને લઘુમતીઓને નિશાન બનાવવાના આતંકવાદી ષડયંત્ર સંબંધિત કેસ નોંધ્યો હતો. કેન્દ્રશાસિત પ્રદેશ તેમજ પંજાબમાં ૧૫ સ્થળોએ હાથ ધરવામાં આવી હતી.

## ગૌતમ અદાણીએ ૨૦૨૨-૨૩માં દર સપ્તાહે રૂ.૩૦૦૦ કરોડ ગુમાવ્યા

મુંબઈ,

ભારત અને વિશ્વના સૌથી મોટા ધનવાન તરીકે દોટ લગાવનાર ગૌતમ અદાણી માટે ૨૦૨૨/૨૩ના વર્ષનો છેલ્લા ચાર માસ ખૂબજ મુશ્કેલ પુરવાર થયા છે અને તેઓ વિશ્વના બીજા નંબરના સૌથી ધનવાનમાંથી છેક ૨૬માં ક્રમે પહોંચી ગયા છે. હિંડનબર્ગ જાન્યુઆરીમાં અદાણી ગ્રુપની સ્ટોક વેલ્યુ અને તેના હિસાબો સામે પ્રશ્ન ઉઠાવ્યા હતા. તે બાદ અદાણી ગ્રુપની લીસ્ટેડ કંપનીઓના શેરના ભાવમાં કડાકા થયા હતા અને તેઓએ આ રીતે ૨૮ બીલીયન ડોલરની સંપતિ ગુમાવી છે જેમાં મુખ્ય તેઓએ ૨૦૨૨/૨૩માં દર સપ્તાહે રૂ.૩૦૦૦ કરોડની સંપતિ ગુમાવી છે. પોર્ટથી એરપોર્ટ અને પાવર ગેસ તથા મિડીયા સિમેન્ટ-ઈન્ફ્રાસ્ટ્રકચર ગ્રીન એનર્જી અદાણી ગ્રુપે અનેક ક્ષેત્રમાં નવા નવા પ્રોજેકટમાં કામ કર્યું છે. અદાણીની ફલેગશીપ કંપની અદાણી એન્ટરપ્રાઈઝ નો શેર જે જાન્યુઆરી ૨૪ના રોજ રૂ.૩૪૪૩નો હતો તે થોડા દિવસમાં રૂ.૯૦૦ થઈ ગયો અને છેલ્લે રૂ.૧૮૨૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો છે. વિશ્વના અન્ય અબજોપતિઓએ પણ બેક્રીંગ કટોકટી સહિતના મુદે જંગી સંપતિ ગુમાવી હતી.

## શીખોએ જ ખાલિસ્તાનીઓનો વિરોધ કર્યો, અમદાવાદમાં ભારતના ઝંડા સાથે રેલી યોજી

અમદાવાદ,

ગુજરાતમાં રહેતા શીખ સમાજે દેશ પ્રત્યેની પોતાની એકતા અને અખંડિતતા દર્શાવવા માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તર પર થતા ખાલિસ્તાની વિરોધ સામે અવાજ ઉઠાવ્યો છે. ત્યારે વિદેશમાં થયેલા ભારતના તિરંગાનું અપમાન તથા ખાલિસ્તાનની હરકતનો આજે અમદાવાદમાં શીખ સમુદાયે નારા સાથે ભારતનો તિરંગો બતાવી વિરોધ કર્યો હતો. તો છત્તીસગઢમાં ઊલટી ગંગા વહી હતી. એમાં રાયપુરમાં પંજાબના ખાલિસ્તાન સમર્થક અમૃતપાલ સિંહના સમર્થનમાં રેલી કાઢવામાં આવી હતી. વારિસ પંજાબ દેના વડાના સમર્થનમાં ઉગ્ર નારા લગાવવામાં આવ્યા હતા.


આ અંગે શીખ ફાઉન્ડેશનના પ્રમુખ પરમજિત કૌર છાબડાએ જણાવ્યું હતું કે ધર્મ હંમેશાં રાષ્ટ્ર નિર્માણ માટે અગ્રેસર રહ્યો છે અને દેશના નાગરિક તેમજ ભારતીય હોવાનો અમને ગર્વ છે. કેનેડા ઓસ્ટ્રેલિયા અને વિશ્વ કે અન્ય દેશોમાં જે દુર્ભાગ્યપૂર્ણ ઘટના બની છે એની ઘોર નિંદા શીખ સમાજ કરી રહ્યો છે. વિશ્વના અન્ય દેશો કે ધાર્મિક સ્થાનો, દીવાલો પર અસામાજિક તત્ત્વોએ ખલિસ્તાનનું નામ લખ્યું અને નારા લગાવ્યા, જેની નિંદા શીખ સમાજ કરી રહ્યું છે.

વિશ્વ કે અન્ય દેશોમાં ભારતીય તિરંગાનું જે અપમાન થયું છે એની નિંદા શીખ સમાજ કરી રહ્યો છે. શીખ સમાજ માટે ભારત દેશનો તિરંગો સર્વોપરિ છે. આજે અમદાવાદના શીખ સમાજના આગેવાનોએ કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું. આ સિવાય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ગૃહમંત્રી હર્ષ સંઘવી તેમજ રાજ્યપાલને પણ આવેદનપત્ર આપવામાં આવશે. રાજ્યના અલગ અલગ જિલ્લામાં જ્યાં શીખ સમાજ વસે છે તે લોકો પણ આવેદનપત્ર આપીને ખાલિસ્તાનનો વિરોધ કરશે.

## ૩૦ એપ્રિલે વડાપ્રધાન મોદીના મન કી વાત કાર્યક્રમનો ૧૦૦મો એપિસોડ

નવીદિલ્હી,

પીએમ મોદીના રેડિયો કાર્યક્રમ મન કી બાતના ૧૦૦મો એપિસોડ આગામી મહીને પુરો થશે કાર્યક્રમને લઈ ભાજપ તરફથી વિશેષ તૈયારીઓ કરવામાં આવી રહી છે આગામી મહીને ૩૦ એપ્રિલને પીએમ મોદીના મન કી બાતનો ૧૦૦મો એપિસોડનું પ્રસારણ થશે.એક લાખથી વધુ બુથ પર તેનું પ્રસારણ સંભળાવવાની યોજના ભાજપ તરફથી કરવામાં આવી રહી છે આ સાથે જ પાર્ટી ઈચ્છે છે કે દુનિયાભરમાં પણ તેનું પ્રસારણ કરવામાં આવે ભાજપનું કહેવુ છે કે નરેન્દ્ર મોદીની લોકપ્રિયતા દુનિયાભરમાં છે આ કારણે તેને દુનિયાભરમાં પ્રસારિત કરવામાં આવે



આ ઉપરાંત પીએમ મોદીએ દેશભરના જે લોકોનો ઉલ્લેખ આ કાર્યક્રમમાં કર્યો છે તેમને પણ ૩૦ એપ્રિલે જોડવાની યોજના છે.તેના માટે ભાજપના મુખ્યમંત્રી અને વરિષ્ઠ નેતા પણ સાથે રહેશે.દરેક લોકસભા ક્ષેત્રમાં ૧૦૦ જગ્યાઓ પર ૧૦૦ લોકો મન કી બાત સાંભળશે.પદ્મભૂષણ અને પદ્મશ્રીથી સમ્માનિત તે લોકોને પણ સમ્માનિત કરવામાં આવશે જેમના ઉલ્લેખ પીએમ મોદીએ મન કી બાતમાં કર્યા છે.પીએમ મોદીના મન કી બાત રેડિયો પ્રસારણની શરૂઆત ત્રણ ઓકટોબર ૨૦૧૪માં દશેરાના દિવસથી થઈ હતી.

## પંજાબ પોલીસે અમૃતપાલ સિંઘના નજીકના ગોરખા બાબાની ધરપકડ કરી

ચંદીગઢ,

ખાલિસ્તાન સમર્થક અને અલગાવવાદી અમૃતપાલ સિંઘના કેસમાં પંજાબ પોલીસને એક મોટી સફળતા મળી છે. અમૃતપાલ સિંઘના સહયોગી તેજિન્દર સિંહ ઉર્ફે ગોરખા બાબાની ધરપકડ કરી છે. ગોરખા બાબા ખન્નાના મલૌદ વિસ્તારના મંગેવાલ ગામનો રહેવાસી છે. તે મોટેભાગે અમૃતપાલની સાથે રહેતો હતો અને અજનાલા કેસમાં પણ વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો હતો. ગોરખા બાબા એક સમયે અમૃતપાલનો ગનમેન હતો. પંજાબ પોલીસ અને કેન્દ્રીય ગુપ્તચર એજન્સીઓ ખાલિસ્તાન સમર્થક અમૃતપાલ સિંહને શોધી રહી છે. તેના પર પાકિસ્તાની ડ્રગ્સ માફિયા અને ગેરકાયદેસર હથિયાર લોબી સાથે સંબંધ હોવાનો આરોપ છે. તેણે પાકિસ્તાનમાંથી શસ્ત્રો મેળવ્યા અને તેને એકઠા કરીને તેના સમર્થકોમાં વહેંચી દીધા. આ સંદર્ભમાં ગુપ્તચર એજન્સીઓએ તમામ સ્રોતો અને પુરાવાઓને એકસાથે જોડવાનો પ્રયાસ કર્યો છે. નામ ન આપવાની શરતે અધિકારીઓનું કહેવું છે કે અમૃતપાલ સિંહના ખાલિસ્તાની અલગતાવાદી અને જરનૈલ સિંહ ભિંડરાનવાલેના અનુયાયી હોવાના તમામ કારણો સામે આવશે. ખરેખરમાં તે ડ્રગ્સ અને આર્મ્સ સપ્લાયના ગેરકાયદેસર ધંધામાં વોન્ટેડ ગુનેગાર છે. ગુપ્તચર અધિકારીએ કહ્યુ હતુ કે, અમૃતપાલ પાસે ગેરકાયદેસર પ્રવૃત્તિઓની લાંબી યાદી છે. તેણે પંજાબને સાંપ્રદાયિક ધોરણે વિભાજિત કરવાનો પ્રયાસ કરવા માટે પાકિસ્તાન પાસેથી શસ્ત્રો મંગાવ્યા હતા. સૂત્રોએ જણાવ્યું કે અમૃતપાલ પર ઘણા આરોપો છે અને જ્યારે તેના સમર્થકોએ હથિયારો લહેરાવીને કાયદો અને વ્યવસ્થાને પડકારી હતી ત્યારે આ ષડયંત્રનો સંપૂર્ણ પર્દાફાશ થયો હતો. તે ગેરકાયદેસર રીતે વ્યસન મુક્તિ કેન્દ્રો ચલાવતો હતો અને ત્યાં તમામ કાવતરાઓ ઘડવામાં આવતા હતા.

**નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

**ટુંકા સમયની જાહેર નિવીદા નં. ૫ સને ૨૦૨૨-૨૩**

**કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, જિલ્લા પંચાયત પંચમહાલ ગોધરા**

કાર્યપાલક ઈજનેરશ્રી, નાની સિંચાઈ વિભાગ સિવીલ લાઈન્સ રોડ, જિલ્લા પંચાયત પંચમહાલ ગોધરા. ૩૮૯૦૦૧ ફોન નં.૦૨૬૭૨-૨૫૩૩૮૮ તરફથી રજીસ્ટર ઈજારદારશ્રીઓ પાસેથી કુલ-૧ કામ માટે જેની અંદાજિત રકમ રૂા.૩૮.૮૨ લાખના કામ માટે ઓનલાઈન ટેન્ડરમાં ભાવો મંગાવવામાં આવે છે. સદર હું કામના ટેન્ડર ઓનલાઈન રજુ કરવાની છેલ્લી તા.૧૧/૦૪/૨૦૨૩ સાંજનાં ૧૭.૦૦ કલાક સુધી છે. તથા ટેન્ડર ફી, ઈ.એમ.ડી. બેંક સોલ્વંસી, રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ અત્રેની કચેરીમાં આર પી.એ.ડી. થી ટેન્ડર ખોલ્યા તારીખ થી ૭ દિવસની અંદર રજુ કરવાના રહેશે અથવા ટેન્ડર ખોલતી વખતે રજુ કરી શકાશે. ટેન્ડરો શક્ય હશે તો ખોલવાની તા.૧૯/૦૪/૨૦૨૩ ના રોજ બપોરના ૧૨.૦૦ કલાક સુધી રહેશે. વધુ વિગત માટે અત્રેની કચેરીનો સંપર્ક કરવા તથા વેબસાઈટ http://nwr.nprocure.com પર જોઈ લેવા વિનંતી છે.

નોંધઃ- સરકારશ્રીના નિયમો મુજબના બધા દસ્તાવેજો મોકલવાના રહેશે. તથા સરકારશ્રીની ધારા ધોરણ મુજબ જી.એસ.ટી. લાગુ પડશે તથા કામવાર અલગ અલગ કવરોમાં દસ્તાવેજો મોકલવાના રહેશે અને કવર પર કામનું નામ અચુક લખવાનું રહેશે.

માહિતી/ગોધરા/૧૦૪૮/૨૦૨૩

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

ધી રવેરી દુધ ઉત્પાદક સેવા સહ.મં.લી.

તરફથી અભીનંદન....

મુ. રવેરી, તા. ઘોઘંબા, જી. પંચમહાલ

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

ધી દાંતોલ દુધ ઉત્પાદક સહ.મં.

તરફથી અભીનંદન....

મુ. દાંતોલ, તા. ઘોઘંબા, જી. પંચમહાલ

## મહામહિમ પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના હસ્તે મને ગમતી શાળાના શિક્ષકને અચલા ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ એનાયત કરવામાં આવ્યો

સંતરામપુર,

મહીસાગર જિલ્લાની સંતરામપુર તાલુકાની પાદરી ફળિયા પગાર કેન્દ્રની મને ગમતી શાળા નરસીંગપુર મુખ્ય પ્રાથમિક શાળાના મદદનીશ શિક્ષક રમેશકુમાર બદામીલાલ ચૌહાણને વધુ એક એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા.

અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ અમદાવાદ દ્વારા સમગ્ર ગુજરાત રાજ્યમાંથી શિક્ષણ અને સમાજ સેવા ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરી હોય, નિર્વ્યસની હોય, ગામમાં જ રહેતા હોય તથા તેમણે કરેલ કાર્યની નોંધ રાજ્ય કે રાષ્ટ્ર કક્ષાએ લેવાઈ હોય તેવા શિક્ષકોની દરખાસ્ત મંગાવવામાં આવે છે. ત્યારબાદ પસંદગી સમિતિ દ્વારા શ્રેષ્ઠ શિક્ષકની પસંદગી કરવામાં આવે છે. ઉપરોક્ત તમામ નોર્મ્સમાં મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના નરસીંગપુર પ્રાથમિક શાળાના શિક્ષક રમેશકુમાર બદામીલાલ ચૌહાણની પસંદગી



થયેલ છે. અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા આયોજિત ''ભારતીય શિક્ષણ પ્રણાલીમાં ગુરૂકુળ પરંપરાનું સ્થાન'' વિષય અન્વયે પરિસંવાદ, વિશિષ્ટ વકતવ્ય તથા સારસ્વત સન્માન અને શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિતરણ કાર્યક્રમ દિનેશ હોલ ટૉરેન્ટ ફાર્મા પાસે અમદાવાદ ખાતે આયોજન કરવામાં આવેલ. જેનાં ઉદઘાટક પૂજ્ય સ્વામી પરમાત્માનંદ સરસ્વતીજી (સ્થાપક પ્રમુખ, આર્ષ વિદ્યામંદિર રાજકોટ), મુખ્ય મહેમાન ડો. કુબેરભાઈ ડીંડોર ( શિક્ષણ મંત્રી ગુજરાત રાજ્ય), વિશેષ ઉપસ્થિતિ ભાગ્યશભાઈ જહા ( અધ્યક્ષ ગુજરાત રાજ્ય, સાહિત્ય અકાદમી), અનાર જયેશ પટેલ (સ્થાપક અને સંચાલિકા ક્રાફ્ટ રૂટ્સ એન્ડ ગ્રામ) અને વિશિષ્ટ વકતવ્યો માં આદરણીય જ્યોતિબહેન થાનકી (વરિષ્ઠ લેખિકા, અભ્યાસુ વકતા અને ચિંતક), ડો. અરૂણભાઇ દવે (મેનેજિંગ ટ્રસ્ટી, લોકભારતી સણોસરા), નલિન પંડિત (પૂર્વ નિયામક, જીસીઈઆરટી ગાંધીનગર) તથા ''સારસ્વત સન્માન અને શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિતરણ કાર્યક્રમ'' આદરણીય રામનાથ કોવિંદજી (મહામહિમ પૂર્વ રાષ્ટ્રપતિ – ભારત), અને પ્રવીણ કે લહેરીજી ( પૂર્વ મુખ્ય સચિવ, ગુજરાત સરકાર), ડો. શ્વેતાંક એમ પટેલ (ટ્રસ્ટી, અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ), મફતલાલ પટેલ (મેનેજિંગ ટ્રસ્ટી અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ અમદાવાદ) તથા ગુજરાત રાજ્યના શિક્ષણ જગતના વિદ્વાનો સારસ્વતો શિક્ષકો અને વિવિધ ક્ષેત્રના મહાનુભાવોને ઉપસ્થિતિમાં સંપન્ન થયેલ. રમેશકુમાર બદામીલાલ ચૌહાણને આ સન્માન મળતા સમગ્ર શાળા પરિવાર, શાળા વ્યવસ્થાપન સમિતિ નરસીંગપુર તથા સમગ્ર મોચી સમાજ ખૂબ ખૂબ આનંદની લાગણી સાથે અઢળક શુભેચ્છા પાઠવે છે.

## મહીસાગર જિલ્લામાં પોષણ પખવાડિયાની ઉત્સાહભેર ઉજવણી

મહિસાગર,

યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ ભારત સરકારની દરખાસ્તના આધારે વર્ષ ૨૦૨૩ને '' આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ '' જાહેર કર્યું છે. ત્યારે ગુજરાત રાજ્યમાં મહિલા અને બાળ વિકાસ વિભાગ અંતર્ગત વર્ષ ૨૦૨૩માં ૨૦ માર્ચથી ૦૩ એપ્રિલ સુધી ઉજવાતા ''પોષણ પખવાડા'' દરમિયાન મિલેટ (ધાન્ય)ના પોષક લાભો વિષે જનજાગૃતિ ફેલાવવામાં આવી રહી છે. મહીસાગર જિલ્લામાં પણ પોષણ પખવાડાનો શુભારંભ થઈ ગયો છે.

મહિલા અને બાળ વિકાસ મંત્રાલય (MWCD) ધાન્ય (મિલેટ)ને લોકપ્રિય બનાવવા માટે વિવિધ પગલાં લઈ રહ્યું છે. આ પોષણ પખવાડા મિલેટના પોષક લાભો વિશેની માહિતી સમુદાયો સુધી પહોંચાડવા અને તેમને સંવેદનશીલ બનાવવા પોષણ પખવાડા



૨૦૨૩ની ઉજવણી માટે ૧.પોષણ– સુખાકારી માટેધાન્ય (મિલેટ) ૨. સ્વસ્થ બાળક સ્પર્ધા ૩. સક્ષમ આંગણવાડી ત્રણ થીમ પર ભાર મુકી ઉજવણી હાથ ધરવામાં આવી રહી છે.

મહીસાગર જિલ્લામાં પોષણ પખવાડિયાની ઉજવણી માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. પોષણ પખવાડાના પ્રથમ દિવસ ગત તા. ૨૦ માર્ચના રોજ જિલ્લા પંચાયતની સંકલિત બાળ વિકાસ યોજના કચેરી દ્વારા અને આયુષ શાખા, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ, ગ્રામ વિકાસ વિભાગ અને આદિજાતિ વિભાગના સહયોગથી ગ્રામ્ય વિસ્તારમાં આવેલા તમામ આંગણવાડી કેન્દ્રો ખાતે મિલેટ (ધાન્ય) જેવા કે બાજરી, જુવાર, નાગલી, બાવટો, કોદરા, સામો, વગેરેમાંથી વિવિધ વાનગી બનાવી નિરદર્શનનું આયોજન કરાયું હતું.

પોષણ પખવાડાના બીજા દિવસ તા. ૨૧ માર્ચના રોજ જિલ્લા પંચાયતની સંકલિત બાળ વિકાસ યોજના કચેરી દ્વારા અને આરોગ્ય શાખા ના સહયોગથી ગ્રામ્ય વિસ્તારમાં આવેલા તમામ આંગણવાડી કેન્દ્રો ખાતે ત્રીજા મંગળવાર–અન્ન પ્રાશન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. પોષણ પખવાડાના ત્રીજા દિવસે તા. ૨૨ માર્ચના રોજ જિલ્લા પંચાયતની સંકલિત બાળ વિકાસ યોજના કચેરી દ્વારા અને આરોગ્ય શાખા, શિક્ષણ શાખા, આયુષ શાખા, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી તેમજ પંચાયત શાખાના સહયોગથી ગ્રામ્ય વિસ્તારમાં આવેલા તમામ આંગણવાડી કેન્દ્રો ખાતે મિલેટ તેમજ પોષણ અંગે જાગૃતિ અને પ્રચાર પ્રસાર માટે સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

## સંતરામપુર નગરમાં સિંધી સમાજ દ્વારા ધામધૂમથી ચેટી ચાંદની ઉત્સાહભેર ઉજવણી કરી



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

સંતરામપુર કડાણા દિવડા ફતેપુરા સંજેલી વિવિધ ગામોના આજરોજ સિંધી સમાજ તહેવારની ઉજવણી કરવા માટે સવારથી જ ભગવાન ઝુલેલાલ મંદિરમાં સવારથી જ દર્શન કરવા માટે અને તહેવારની ઉજવણી કરવા માટે ભેગા થયા હતા. આજરોજ અંધાર રોજગાર બંધ પાડીને આયો લાલ ઝુલેલાલ નારા સાથે સંતરામપુર ઝૂલેલાલ મંદિર પાસેથી ઝુલેલાલ ભગવાનનો વરઘોડો કાઢીને ચેટી ચાંદ તહેવારની ઉજવણી કરેલી હતી. ઠેર ઠેર ખાણીપીણી, ઠંડા પીણાંનું આયોજન કરવામાં આવેલું હતું. રાસ ગરબા અને વરઘોડામાં જોડાઈને ધામધૂમથી તહેવારની ઉજવણી કરી હતી.

## મને ગમતી શાળા નરસીંગપુર મુખ્ય પ્રાથમિક શાળામાં નિબંધ લેખન સ્પર્ધા યોજવામાં આવી

સંતરામપુર,

ડો.બાબાસાહેબ આંબેડકર ચેર, ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી વિંઝોલ–પંચમહાલ અને પ્રાથમિક શાળા નરસિંગપુર – સંતરામપુરના સંયુક્ત ઉપક્રમે નિબંધ સ્પર્ધા યોજવામાં આવી. આ સ્પર્ધાના આયોજક અને ચેરના સંયોજક પ્રો.રમેશચંદ્ર પરમારના જણાવ્યા અનુસાર ડો.બાબાસાહેબ આંબેડકરના વિચારો સમાજમાં પ્રસરે એ હેતુથી આ સ્પર્ધા યોજવામાં આવી હતી. શાળાના બાળકો સુધી અને સમાજ સુધી ડો.બાબાસાહેબ આંબેડકરના વિચારો પહોંચે એ માટેનો દિવ્ય સંદેશ ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના કુલપતિ પ્રતાપસિંહજી ચૌહાણ અને કુલસચિવ ડો.અનિલ સોલંકીએ પાઠવ્યો હતો. જેનું વાંચન પણ કરવામાં આવ્યું હતું.

આ નિબંધ લેખન સ્પર્ધામાં પ્રથમ નંબરે રાવળ રોહિતભાઈ ભરતભાઈ ધોરણ ૭, દ્વિતીય નંબરે વાદી અંજલીબેન યશપાલભાઈ, ધોરણ ૭, તૃતીય નંબરે જયબેન દિનેશભાઈ ખાંટ ધોરણ ૭ ને ક્રમશઃ રૂપિયા ૫૦૧, ૩૦૧ અને ૨૦૧ રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું. સાથે સાથે સ્પર્ધામાં ભાગ લીધેલ તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અને મોમન્ટોથી નવાજવામાં આવ્યા. ડો.બાબાસાહેબ આંબેડકર ચેર તરફથી શાળાને સ્મૃતિચિહ્ન આપવામાં આવ્યું. આ સ્પર્ધામાં ચેરના સભ્ય ડો. નરેશભાઈ વણઝારા તેમજ આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુરમાંથી ડો.ઈશાક શેખ, ડો. વિનોદભાઈ તેમજ અત્રેની શાળાના આચાર્ય લખમણભાઈ ખરાડી, શિક્ષક લલિતભાઈ ગરાસિયા, રાજપ્રિયાબેન રહેવર અને શાળાના અન્ય શિક્ષકોએ આ સમારોહમાં હાજરી આપી સમારોહને દીપાવ્યો. કાર્યક્રમનું સંચાલન શાળાના મદદનીશ શિક્ષક રમેશભાઈ ચૌહાણે અને આભારવિધિ અશોકભાઈ મોચીએ કરી હતી.

## લુણાવાડા ખાતે સંયુક્ત ખેતી નિયામક કચેરી વડોદરાના અધિકારીઓ દ્વારા પ્રાકૃતિક ખેતીની તાલીમ આપવામાં આવી

મહિસાગર,

લાંબા ગાળાની હરિયાળી ક્રાંતિ અને રાસાયણિક ખેતીથી આજે ખેડૂતોની જમીન બગડી ગઈ છે પાકો, બિયારણો, પાણી વગેરે પ્રદૂષિત થઈ ગયા છે, અને અનાજની ગુણવત્તા બગડી છે ખોરાકમાં ઝેરી તત્વનું પ્રમાણ વધ્યું છે. જમીનની ફળદ્રુપતા લગભગ નહિવત થઈ ગઈ છે,એટલે ખેતીમાં પાક ઉત્પાદન ઉપર ખૂબ વિપરીત અસર પડી રહેલી છે.

તે માટે વડાપ્રધાન દ્વારા આહવાન કરવામાં આવ્યુ છે કે, ઓછામાં ઓછા ૭૫ ખેડૂતો ગ્રામ પંચાયત માંથી પ્રાકૃતિક ખેતી તરફ વળે અને ગાય આધારિત ખેતી કરીને એમની જમીનની ફળદ્રુપતા પાછી લાવે જેથી અનાજની ગુણવત્તા ઉત્તમ થાય તેમજ લોકોનું આરોગ્ય અને તંદુરસ્તી પણ જળવાઇ આ જ હેતુથી ૭૫ ખેડૂતોને ગ્રામ પંચાયત અંતર્ગત તાલીમનું આયોજન સંયુક્ત ખેતી નિયામક વડોદરા ઝોન દ્વારા મહીસાગર જિલ્લામાં લુણાવાડા તાલુકાના ટીંબા ગામે કરેલું હતું .જેમાં



સંયુક્ત ખેતી નિયામકની કચેરી માંથી આવેલા નાયબ ખેતી નિયામક સમિતભાઈ પટેલ તેમજ કે.કે. પટેલ જિલ્લાના પ્રોજેક્ટ ડાયરેક્ટર તેમજ ડેપ્યુટી પ્રોજેક્ટ ડાયરેક્ટર અને મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના બ્લોક ટેકનોલોજી મેનેજર ઉપસ્થિત રહ્યા હતા.

જેમાં પ્રાકૃતિક ખેતીની તાલીમ આપવામાં આવી. આ તાલીમમાં ગાય આધારિત ખેતીના પાંચ આયામો જેવા કે બીજામૃત, જીવામૃત, ઘનજીવામૃત, આચ્છાદન, વાપ્સાની માહિતી ખેડૂતોને વિસ્તાર પૂર્વક આપી હતી અને જીવામૃત બનાવવા માટેનું નિદર્શન બતાવીને તેના ઉપયોગ માટે માર્ગદર્શન આપવામાં આવ્યું. આ પ્રમાણે ખેતી કરવાથી જમીનની ફળદ્રુપતામાં વધારો થશે અને રાસાયણિક ખાતરોનો ખર્ચો ઓછો થશે. તેમજ વનસ્પતિ આધારક કીટકનાશક તેમજ અન્ય પેસ્ટ કંટ્રોલ માટે વિવિધ પ્રકારની વનસ્પતિ જન્ય બનાવટો જેવી કે નિમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર અને અગ્નિસ્ત્ર વગેરે વિશે સમજ આપી હતી. જેથી ખેડૂતોને પેસ્ટી સાઇડનો ઉપયોગ ઓછો કરવો પડે અને એનો ખર્ચો પણ બચી જાય તેમજ પાણી અને પર્યાવરણનો પણ બચાવ થાય. તાલીમનો મુખ્ય ઉદ્દેશ આવનાર સમયમાં ઓછામાં ઓછા ૭૫ ખેડૂતો ગ્રામ પંચાયત દીઠ પ્રાકૃતિક ખેતી કરે અને દેશમાં અને વિશ્વમાં ગુજરાત રાજ્ય પ્રાકૃતિક ખેતી ક્ષેત્રે મોડેલ બને એ હતો.

પ્રાકૃતિક ખેતીમાં માત્ર દેશી ગાયના ગોબર,ગૌમુત્રની અને અન્ય પ્રાકૃતિક પેદાશોની જ બનાવટનો ઉપયોગ કરાય છે. જેના લીધે જમીનની ફળદ્રુપતા વધે છે અને ગામડાથી શહેર તરફ મુકીનું સ્થાનાંતરણ ન માત્ર બંધ થાય છે, પરંતુ શહેર માંથી ગામડા તરફ મુડીનો નિવેશ પણ શક્ય બને છે. આમ,ગામ તથા ખેડુતની જમીનની ફળદ્રુપતા સાથે સાથે આર્થિક સમૃધ્ધતામાં પણ વધારો થશે. અંતે નિરોગી,સ્વનિર્ભર ભારતનું સપનું સાકાર થશે.

## ઝાલોદમાં બંધ સ્ટ્રીટલાઈટ તેમજ તુટેલા રસ્તાઓ મુદ્દે નગરજનોમાં રોષ

ઝાલોદ,

ઝાલોદ પાલિકાના કથળેલા વહીવટને લઈને સ્થાનિક રહિશો દ્વારા રજુઆત કરવામાં આવી છે. પાલિકામાં છેલ્લા ઘણા સમયથી વિવિધ સમસ્યાઓ લઈને રહિશોને હેરાન પરેશાન થવાનો વારો આવ્યો હતો. જેને લઈને ગામના રહિશો દ્વારા પાલિકાના ચીફ ઓફિસર અને વહીવટદારને રૂબરૂ મળીને સમસ્યા મુદ્દે રજુઆત કરાઈ હતી. જેમાં છેલ્લા ૫ દિવસથી પાલિકા દ્વારા લાઈટ બિલ ભરવામાં ન આવતા સ્ટ્રીટલાઈટ બંધ હોવાથી અંધારપાટ છવાયો હતો. જેથી રાત્રિના સમયે ભયનો માહોલ જોવા મળ્યો હતો. સાથે પીવાના પાણીના પમ્પિંગ સ્ટેશનની પણ નિયમિત સાફસફાઈ ન કરાતા દુર્ગંધ મારે છે.નગરના રસ્તાઓની હાલત પણ ઘણા સમયથી બિસ્માર થઈ ગયેલ હોવા છતાં પણ કોઈ કામગીરી કરવામાં આવતી નથી. ગેસ લાઈન સહિતની કામગીરી માટે ખોદેલા ખાડાઓ પણ પુરવામાં ન આવતા અકસ્માત થઈ રહ્યા છે. તેમજ હાઈવેના રસ્તા ઉપર બાંધવામાં આવતા પ્રવેશદ્વારની કામગીરી પણ ધીમી ગતિએ કરવામાં આવતા પસાર થતાં લોકોને અગવડતા ભોગવવી પડી રહી છે. આ તમામ સમસ્યાઓ મુદ્દે સ્થાનિક રહિશો દ્વારા પાલિકાના જવાબદાર અધિકારીએ રજુઆત કરવામાં આવી હતી.

## કડાણા ખાતે ઈન્ટરનેશનલ યર ઓફ મીલેટસ-૨૦૨૩નો ઉજવણી કાર્યક્રમ યોજાયો



મહિસાગર,

મિશન મંગલમ શાખા દ્વારા તાલુકા પંચાયત કચેરી, કડાણા ખાતે ઈન્ટરનેશનલ યર ઓફ મીલેટસ–૨૦૨૩નો ઉજવણી કાર્યક્રમ તાલુકા વિકાસ અધિકારીના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં તાલુકા લાઈવલીહુડ મેનેજર દ્વારા મિલેટ્રસ એટલે જાડા ધાન્ય જે સ્વાસ્થ્ય માટે સારા હોય છે અને ખેતી દરમિયાન પાણીની જરૂરિયાત ઓછી ઊભી કરે છે. જેમ કે કોદરા, બંટી, બાવટો, નાવલી, વરઈ, રાજગરો, બાજરી અને જુવાર વગેરેનો સમાવેશ થાય છે. આ બધા પાકો આપણા પૂર્વજો પકવીને ખાતા હતા. જેથી તેમનું સ્વાસ્થ આજની પેઢી કરતા વધારે સારૂ હતું. આપણે વિદેશી પાકોને ભુખમરાથી બચવા માટે લાવ્યા હતા પરંતુ હવે તેની જરૂરિયાત ઓછી થઇ ગઇ છે. આપણું શરીર કટેલાક પોષક તત્વો પચાવવામાં અ સમર્થ રહે છે. જેના કારણે રોગોના શિકાર થઇએ છીએ તો આવો સમજીએ અને આખા વિશ્વના લોકોને પણ સમજાવીએ કે શરીરના પોષકતત્વો જે આપણા પહેલાનાં પાકોમાં મળતા હતા તે આ પાકોમાંથી મળતા નથી તો હવે સમય આવી ગયો છે કે, પૂર્વજોના પાકો ફરી વાવીએ અને ખાઈએ. ચિરાગભાઈ પટેલ પ્રવચનમાં જણાવ્યું હતું કે, કિસાન સભા પ્રોજેક્ટ અંતર્ગત ખેડુતોના પાકનો ભાવ કઇ રીતે વધી શકે અને એ યોજનાનો ભરપૂર લાભ લઇને આત્માનિર્ભર ભારત તરફ કેવી રીતે આગળ વધી શકીએ તથા મહિલા ખેડુતોને પણ જાગૃત કરવા માટે આ પ્રાજેક્ટ કાર્યરત છે. આત્માના બી.ટી.એમ ડી.બી. ડામોર દ્વારા પ્રાકૃતિક ખેતી વિશેની વિસ્તૃત સમજ આપવામાં આવી અને પપૈયાની ખેતી અને રાસાયણિક દવા ખાતરનો ઉપયોગ ન કરવા જણાવવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે એ.આર. સેલોત દ્વારા આભાર વ્યકત કરી પ્રાકૃતિક ખેતીમાં પોતાનું યોગદાન આપવા અંગે પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. આ કાર્યક્રમમાં તાલુકાના તાલુકા લાઈવોલીહુડ મેનેજર એ.આર. સેલોત, વિસ્તરણ અધિકારી ખેતી ગરાસીયા, કિસાન સભાના કન્વીનર ચિરાગભાઇ પટેલ, આત્મા પ્રોજેકટના બી ટી એમ ડામોર, તાલુકા સહ સંયોજક પ્રદિપસિંહ પુવાર, તેમજ તાલુકાના મિશન મંગલમ સ્ટાફ તેમજ મોટી સંખ્યામાં જૂથોની બહેનો ઉપસ્થતિ રહ્યા હતા.

## દાહોદ જિલ્લામાં કમોસમી વરસાદથી ઉભા પાકને થયેલ નુકસાનના વળતર માટે ધારાસભ્ય દ્વારા રજુઆત

દાહોદ,

દાહોદ જિલ્લામાં વાતાવરણમાં પરિવર્તનને કારણે છેલ્લા દસ વર્ષમાં પહેલી વખત માર્ચના ત્રીજા સપ્તાહમાં પારો ૩૦ ઉપર સ્થિર જોવા મળી રહ્યો છે. જે સામાન્ય રીતે માર્ચમાં ત્રીજા સપ્તાહમાં ૨૫ થી ૩૮ ડિગ્રીની ઉપર હોય છે. દસ વર્ષમાં માર્ચના ત્રણેક દિવસ બાદ કરતા આખો મહિનો આ વખતે સૌથી ઠંડો રહ્યો હતો. હવામાન ખાતાની આગાહી બાદ મહિનામાં એક સપ્તાહ વરસાદ રહ્યો છે. જોકે આ વરસાદ સાથે વાવાઝોડુ અને વીજળી પડવાની ઘટનાઓએ જિલ્લામાં ભારે નુકસાન સાથે માણસો અને પશુઓનો જીવ પણ ગુમાવવા પડ્યા હતા. સૌથી વધુ તકલીફ ખેડુતોને થઈ હતી. ખેતરમાં લહેરાતા અને કાપીને મુકેલા ઘઉં, ચણા, પલળી જતા તેમને નુકસાની વેઠવાનો વારો આવ્યો છે. ખેતીવાડી વિભાગનુ માનવુ છે કે,મહત્તમ પાક કપાઈ ગયો હતો. હવામાન વિભાગે આગાહી આપી જ દીધી હતી જેથી તમામે પોતાના પાકનુ રક્ષણ કરી લીધુ હતુ. જો કે જિલ્લામાં પાકને નુકસાન થયુ હોવાના ખેડુતોના બપાળા સામે પાક નુકસાનીનો કોઈ ઠોસ સર્વે નહિ થતાં દાહોદના ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી અને ગરબાડાના ધારાસભ્ય મહેન્દ્ર ભાભોર દ્વારા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને કૃષિ–પશુપાલન, ગ્રામ વિકાસ મંત્રી રાઘવજી પટેલને દાહોદ જિલ્લામાં કમોસમી વરસાદથી થયેલા નુકસાનીનો સર્વે કરીને યોગ્ય વળતરની લેખિત રજુઆત કરી છે.

## લુણાવાડામાં સુધારેલ રાષ્ટ્રીય ક્ષય નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત જનજાગૃતિ માટે લોકનાટ્ય ભવાઇ યોજાઇ



લુણાવાડા,

સુધારેલ રાષ્ટ્રીય ક્ષય નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત ટીબી મુક્ત સમાજ બનાવવા માટે આરોગ્ય વિભાગ દ્વારા યસ વી કેન એન્ડ ટીબી સ્લોગન હેઠળ વિવિધ કાર્યક્રમ યોજવામાં આવી રહ્યા છે. મહીસાગર જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારીની સૂચના મુજબ અને જિલ્લા ક્ષય અધિકારીના માર્ગદર્શનમાં જિલ્લામાં જનજાગૃતિ માટે અનેકવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે. જેમાં લુણાવાડા અર્બન હેલ્થ સેન્ટર વિસ્તારમાં મોટા ડબગરવાડ અને દરકોલી દરવાજા પાસે જનજાગૃતિ માટે લોકનાટ્ય ભવાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. લોકનાટ્ય ભવાઇના માધ્યમથી સરકારની ટીબીના દર્દીઓ માટે આરોગ્ય સુવિધાઓ તેમજ સહાય યોજનાઓ વિશે માહિતી આપવામાં આવી હતી. લુણાવાડા અર્બન હેલ્થ સેન્ટરના આયુષ મેડિકલ ઓફિસર ડો.મોક્ષિકા શાહે ક્ષય રોગના લક્ષણો જણાય તો નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવા અપીલ કરી હતી.



તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

**વીરપુર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. એચ.બી. સીસોદિયા, RSSના સ્વયંસેવકો તેમજ સામાજિક અગ્રણીઓની રામનવમી અને રમજાન જેવા તહેવારોને ઘ્યાને લઈ હિન્દૂ મુસ્લિમ અગ્રણીઓની બેઠક બોલાવી બન્ને સમાજ વચ્ચે રાગ દ્રેષ કે ઈર્ષા ત્યજીને, એકબીજાના પૂરક થઈ, સહકારની ભાવના સાથે સમન્વય સધાય, તેમજ શાંતિ અને સલામતી જળવાઈ રહે અને ધાર્મિક કાર્યક્રમોમાં એકબીજાના પૂરક બની લાગણી દુભાય તેવું કૃત્યના કરવા જણાવ્યું હતું.**

## આપની આજ.......

મેષ : આજનો દિવસ તમારા માટે અનુકૂળ પરિણામ આપવાનો છે. તમે સ્પર્ધાના ક્ષેત્રે આગળ વધશો અને જે કામ ઘણા દિવસોથી અટકેલું છે તે આજે પૂર્ણ થશે. પાચનશક્તિ ધીમી થઈ શકે છે અને આંખોમાં મુશ્કેલી આવી શકે છે.

વૃષભ : આજનો દિવસ તમારા માટે વ્યસ્ત પરંતુ ફાયદાકારક સાબિત થઈ શકે છે. આજે ઘરની વસ્તુઓ ખરીદવામાં સમય લાગી શકે છે. સાંસારિક આનંદ માણવાના માધ્યમોમાં વધારો થશે.

મિથુન : આજે તમને ગ્રહોની શુભ સ્થિતિને કારણે મોટી રકમ મળશે અને અટકેલા કામ પૂરા થતા મનમાં સંતોષ થશે. વ્યાવસાયિક યોજનાઓમાં વેગ મળશે. રાજ્યનું સન્માન અને પ્રતિષ્ઠા વધશે.

કર્ક : આજનો દિવસ તમારા માટે શુભ ફળ આપનારો છે અને પિતાના આશીર્વાદ-ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી કોઈ કિંમતી ચીજવસ્તુ અથવા સંપત્તિ મેળવવાની ઈચ્છા આજે પૂર્ણ થશે.

સિંહ : તમારા માટે આજનો દિવસ સારો છે અને તમને અન્યની મદદ કરવામાં વધુ આનંદ મળે છે. કાર્યક્ષેત્રમાં પણ તમારા પક્ષમાં કેટલાક ફેરફાર થઈ શકે છે, જેના કારણે કેટલાક સાથીઓ તમારી સાથે નારાજ થઈ શકે છે.

કન્યા : આજનો દિવસ આનંદદાયક છે. પરિવાર સાથે સારો સમય પસાર કરશો. આજે તમે તમારી પત્ની અને બાળકો સાથે કંઈક સર્જનાત્મક કરશો. બપોર સુધીમાં ખુશખબર પણ મળશે. આરોગ્ય પ્રત્યે સભાન રહેવાની જરૂર છે.

તુલા : આજનો દિવસ ખાસ રહેશે અને તમારા વિવાહિત જીવનમાં ખુશીઓ વધશે. આજે મુસાફરી થઈ શકે છે, પરંતુ સલામતીનું ખાસ ધ્યાન રાખો. ધંધામાં વધતી પ્રગતિથી ખુબ ખુશી થશે.

વૃશ્ચિક : આજે તમે જે કાર્યો તમે વિચાર્યા હતા તે પૂર્ણ કરી શકશો. આર્થિક સ્થિતિ પહેલા કરતા સારી રહેશે. વ્યવસાયમાં પરિવર્તનની યોજના છે. તમને સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મળશે અને તમારા બાળકો તમારી સાથે ખુશ રહેશે.

ધનુ : આજનો દિવસ તમારા માટે સારા પરિણામ આપવાનો છે. નાણાકીય પક્ષ મજબૂત રહેશે. અટકેલા કામો પૂરા થશે અને ખ્યાતિ વધશે. પ્રિયજનો સાથે મુલાકાત થશે અને મન પ્રસન્ન રહેશે.

મકર : આજે અચાનક શરીરના દુઃખાવાને લીધે વધુ ખર્ચ કરવાની સ્થિતિ આવી શકે છે. કોઈ મિલકત ખરીદતી વેચતી વખતે તેના તમામ કાયદાકીય પાસાઓને ગંભીરતાથી ધ્યાનમાં લો. પાછળથી દગો થઈ શકે છે. સાંજે માતાની તબિયતમાં સુધારો થશે.

કુંભ : આજે તમે તમારા હરીફો માટે માથાનો દુઃખાવો સમાન રહેશો. દાંપત્ય જીવનમાં ખુશાલીની સ્થિતિ રહેશે. તમારા જીવનસાથીની યોગ્ય સલાહ મેળવીને તમે આજે મહત્વપૂર્ણ નિર્ણય લઈ શકો છો.

મીન : ગણેશજી કહે છે, આજનો દિવસ શુભ છે અને શિક્ષણ-સ્પર્ધાના ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોને વિશેષ સિદ્ધિઓ મળશે. આવકના નવા સ્ત્રોત સર્જાશે. અન્ય લોકો સાથે વાત કરવાની તમારી રીત અને તમારી પ્રામાણિકતા તમને વિશેષ માન આપશે. જીવનસાથીનો સહયોગ પુરતી માત્રામાં મળશે.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર


## દાહોદ સિંધી સમાજ દ્વારા ચેટીચંદની ધામધૂમથી ઉજવણી કરી




તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદના સિંધી સમાજ દ્વારા આજરોજ ચેટીચંદ પર્વની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યાં હતાં. ભગવાન ઝુલેલાલજી ભગવાનજીની દાહોદ શહેરમાં ભવ્ય શોભાયાત્રા પરિક્રમાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. શોભાયાત્રા શહેરના નિર્ધારિત સ્થળેથી ફરી પરત પોતાના નીજ સ્થાને પહોંચી હતી. શોભાયાત્રામાં મોટી સંખ્યામાં સિંધી સમાજના લોકો જોડાયાં હતાં. ચેટીચંદ પર્વ નિમિત્તે દાહોદના સિંધી સમાજ દ્વારા પોતાના રોજગાર ધંધા બંધ રાખી ચેટીચંદ પર્વની હર્ષોઉલ્સા તેમજ ધાર્મિક રીતે ભવ્ય ઉજવણી કરી હતી.

ઝુલેલાલ ભગવાનજીની જન્મ જયંતી એટલે કે ચેટીચંદ પર્વ નિમિત્તે દાહોદ શહેરના સિંધી સમાજ દ્વારા આ પર્વની હર્ષોઉલ્લાસ તેમજ ભક્તિભાવ તરીકે ઉજવણી કરવામાં આવી હતી. એક દિવસ પહેલા એટલે કે તારીખ ૨૨મી માર્ચના રોજ જલસો નવા વર્ષનો તેમજ સંગીત કાર્યક્રમ, અલ્પાહાર તેમજ આતશબાજી આત્માનંદ સોસાયટી, લક્ષ્મી મિલ પાસે, દાહોદ યોજવામાં આવ્યો હતો.ત્યારે બીજા દિવસે એટલે કે ૨૩મી માર્ચના રોજ ચેટીચંદ પર્વના દિવસે સવારે ૮:૦૦ કલાકે ઝુલેલાલ ભગવાનની પૂજા, સવારે ૧૦:૦૦ કલાકે ભેરાણાની પૂજા, સવારે ૧૧:૦૦ કલાકે મહા આરતી અને ત્યારબાદ બપોરના ૧૧:૩૦ થી અઢી વાગ્યા ના સમયગાળા દરમિયાન પ્રસાદી (ભંડારો) નું આયોજન ઝુલેલાલ મંદિર, ઝુલેલાલ સોસાયટી, ગોદી રોડ, દાહોદ ખાતે યોજવામાં આવ્યું હતું. સાંજના પાંચ કલાકના સમયગાળા દરમિયાન ભગવાન જુલેલાલજીની ભવ્ય શોભાયાત્રા પરિક્રમાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શોભાયાત્રા દાહોદ શહેરના ગોદી રોડ ઝૂલેલાલ મંદિર થી નીકળી આત્માનંદ સોસાયટી લક્ષ્મી મીલ રેલવે સ્ટેશન રોડ થઈ સિંધી સોસાયટી સીટી ગ્રાઉન્ડ સામે શોભાયાત્રા પલ્લવ સાથે પૂર્ણ થઈ હતી. શોભાયાત્રામાં મોટી સંખ્યામાં મોટી સંખ્યામાં સમાજના લોકો જેમાં વયોવૃધ્ધથી લઈ બાળકો, મહિલાઓ હાજર રહ્યાં હતાં.

## દાહોદ જીલ્લા કલેકટરની અધ્યક્ષતામા કોવિડ અને સીજનલ ફ્લુ માટે મીટીંગ યોજી



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

તા.૨૩/૦૩/૨૦૨૩

ગુરૂવાર ના રોજ જિલ્લા કલેક્ટર ડો. હર્ષિત ગોસાવી અને જિલ્લા વિકાસ અધિકારી નેહાકુમારીના અધ્યક્ષસ્થાને કોવિડ અને સીઝનલ ફ્લુ વિષયે મીટીંગ યોજવામાં આવેલ હતી. મીટીંગમાં રાજ્ય કક્ષાએથી યોજાયેલ વીડીયો કોન્ફરન્સમાં ચર્ચાયેલ બાબતો અને કોવિડ, સીઝનલ ફ્લુ જેવી બિમારીઓ સામે જિલ્લા તંત્ર ની સજ્જતા અંગે ચર્ચા કરવામાં આવી. મીટીંગમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા આર.સી.એચ.ઓ., જિલ્લા ટી.બી. અધિકારી, ઈ.એમ.ઓ., તમામ તાલુકા આરોગ્ય અધિકારીઓ અને જિલ્લા આરોગ્ય સ્ટાફ ઉપસ્થિત રહેલ. દેશ અને રાજ્યમાં કોવિડ અને સીઝનલ ફ્લુ ની પરિસ્થિતિ ધ્યાને લઈ આગામી સમય દરમ્યાન જિલ્લાની પૂર્વતૈયારી અંગે સમીક્ષા કરવામાં આવી. કોવિડ માટેની નિયત કરેલ બેઝ હોસ્પિટલ ઝાયડસ હોસ્પિટલ દાહોદ ખાતે તેમજ તમામ સામુહિક આરોગ્ય કેન્દ્રો, સબડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ ખાતે ઉપલબ્ધ બેડ, આઈ.સી.યુ. તેમજ ઓક્સિજન બેડ પુરતી માત્રામાં છે. ઉપરાંત તમામ આરોગ્ય કેન્દ્રો ખાતે ઓક્સિજન ઉપલબ્ધતા, જરૂરી દવાઓ અને લોજીસ્ટીક, માનવબળ, જે તે સંસ્થાઓ ખાતે કાર્યરત ઓક્સિજન પ્લાન્ટ વિગેરે અંગે ચર્ચા કરવામાં આવી. તમામ હોસ્પિટલો ખાતે ફાયર સેફ્ટી ઓડિટ અને કોવિડ માટે મોકડ્રીલ યોજવા સુચન કરવામાં આવ્યુ. કોવિડ નિદાન માટે આર.ટી.પી.સી.આર. ટેસ્ટીંગ પર ભાર મુકવા જણાવાયુ અને વધુમાં વધુ ટેસ્ટીંગ હાથ ધરવા જણાવાયું. કોમોર્બીડીટી ધરાવતા નાગરિકો, ૬૦ વર્ષ થી વધુ વયના વૃધ્ધો, ૫ વર્ષથી નાના બાળકો અને સગર્ભા માતાઓ વિગેરેનું વિશેષ ધ્યાન રાખવામાં આવે અને સંપુર્ણ રસીકરણ થાય તેમ જણાવ્યું. ઝાયડસ હોસ્પિટલ દાહોદ ઉપરાંત જરૂર જણાયે ખાનગી હોસ્પિટલો દ્વારા કોવિડ સામે લડવા સાથ સહકાર મળે તે માટે તૈયારી રાખવા સુચન કરવામાં આવ્યું. સરકાર દ્વારા કોવિડ અંતર્ગત જારી કરવામાં આવેલ નવીન ગાઈડલાઈન અંગેની ચર્ચા કરવામાં આવી અને તે મુજબ આઈ.ઈ.સી. અને કોવિડ મેનેજમેન્ટ અંગેની કામગીરી થાય તે માટે ઉપસ્થિત તમામને તાકીદ કરવામાં આવી.

## ઝાલોદ નગરમાં સિંધી સમાજ દ્વારા ઝુલેલાલ ભગવાનનો જન્મોત્સવની રંગે ચંગે ઉજવણી કરાઈ



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

વર્ષો પહેલાં પશ્ચિમી સિંધ પ્રદેશમાં બાદશાહ મરખશાહ દ્વારા ધર્મ પરિવર્તન કરાવવામાં આવી રહ્યું હતું. આ ધર્મ પરિવર્તનને લઈ પ્રજાજનો સાગરતટે જઈ ભૂખ્યા તરસ્યા રહી વરૂણદેવના જપ તપ કરવા લાગ્યા, ભગવાન વરૂણ દેવ ત્રીજા દિવસે જલપતિના સ્વરૂપમાં મત્સ્ય પર સવાર થઈ દર્શન આપ્યાં અને આકાશવાણી દ્વારા પ્રજાજનોને તેમના ઘરે જવાનું કહી તેમના સંકટ દૂર કરીશ તેમ જણાવ્યું અને કહ્યું કે નરશપુરના ઠાકુર રતનરાયના ઘરે દેવકીના કૂખે અવતાર ધારણ કરીશ.

સવંત ૧૨૨૯ ચૈત્રી માસની શુક્લ પક્ષની બીજે દેવકીના કૂખે બાળકનો જન્મ થયો અને તેનું નામ ઝુલેલાલ પાડવામાં આવ્યું. મરખશાહ બાદશાહને આ વાતની ખબર પડતાં આ બાળકને પકડી લાવવા ફરમાન જાહેર કર્યું.પહેરેદારો બાળકને પકડવા ગયા પરંતુ કોઈ પણ પહેરેદાર બાળકને પકડી ન શક્યા સહુ કોઈ તે બાળકના જાત જાતના રૂપો અને ચમત્કારો જોઈ દંગ રહી ગયા હતા. ત્યારે તે બાળકે મખરશાહ બાદશાહને ઝુલેલાલ રૂપમાં જણાવ્યું કે “ હે રાજન...અલ્લાહ એક છે અને તમે ગમે તે નામે પૂકારો ઈશ્વર કહો કે ખુદા બધાં એકરૂપ સામાન છે. માનવતા અને અન્યોના કલ્યાણની પરવા કરવી તેવું કુરાને-શરીફમાં સ્પષ્ટ જણાવ્યું છે. ઝુલેલાલની વાતો સાંભળી મરખશાહ બાદશાહની આંખો ઉઘડી ગઈ અને તેણે સર્વ ધર્મોને સન્માન આપવાનું શરૂ કર્યું. તેથી ભગવાન ઝુલેલાલના ભક્તો તેમના જન્મ દિવસને ચેટીચંદના સ્વરૂપમાં ઉજવે છે અને ચેટીચંદ પર સિંધી ભાઈ બહેનો ભગવાન ઝુલેલાલની પૂજા અર્ચના કરીને રંગે ચંગે ઉજવે છે.

ઝાલોદ નગરના સિંધી સમાજ દ્વારા આજરોજ ૨૩-૦૩-૨૦૨૩ ગુરૂવારના રોજ પોતાના વ્યાપાર રોજગાર બંધ રાખી સમાજના સહુ લોકો સવારથી જ ઝુલેલાલ મંદિરે હાજર રહ્યા હતા. ચેટીચંદ નિમિત્તે સિંધી સમાજના સહુ લોકો માટે સમાજ દ્વારા વિવિધ જાતનાં પ્રોગ્રામ રાખવામાં આવ્યાં હતાં.

## લગ્નની સીઝનને લઈ ગરબાડા પોલીસ એક્શનમાં પથારાવાળા તેમજ છકડાવાળા ઉપર કાર્યવાહી



તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

ગરબાડા પંથકમાં હાલ લગ્નસરાની સિઝન ચાલિરહી છે. ત્યારે ગરબાડા બજારમાં લગ્નની ખરીદી કરવા માટે લોકો ગરબાડા બજારમાં આવતા હોય છે. ત્યારે બજારમાં લોકોની અવર જવર તેમજ ટ્રાફિક સમસ્યાને ધ્યાનમાં રાખી ગરબાડા પોલીસ દ્વારા ફુટ પેટ્રોલીંગ હાથ ધરવામા આવ્યુ હતું. તેમજ ગરબાડા બસ સ્ટેન્ડ વિસ્તારમા રોડ ઉપર કેટલાક લોકો પોતાની હાથ લારીઓ રોડ ઉપર અડચણરૂપ થાય તે રીતે ઉભી રાખી ફ્રુટનો ધંધો કરતા હોય તેમજ છકડા ચાલકો રોડ ઉપર પોતાની ગાડીઓ ઉભી રાખી આવતા જતા રાહદારીઓ તેમજ વાહન ચાલકોને અડચણરૂપ થાય તે રીતે પોતાના વાહનો તેમજ લારીઓ ઉભી રાખેલ હોય ગરબાડા પોલીસ દ્વારા આ તમામ ઈસમો વિરૂધ્ધમા ઈ.પી.કો. કલમ ૨૮૩ મુજબની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે અને ટ્રાફિકને અડચણરૂપ છકડા તેમજ હાથલારીઓ ગરબાડા પોલીસ દ્વારા જપ્ત કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છેકે, ગરબાડા બસ સ્ટેન્ડ વિસ્તારમાં ટ્રાફિક પોઈન્ટની વર્ષો જૂની માંગણી આજે પણ અધૂરી છે અને દબાણ તથા ટ્રાફિક ની સમસ્યાના કારણે એસટી બસો નવીન બનેલા પીકઅપ સ્ટેન્ડ ઉપર પણ આવતી નથી. પોલીસ દ્વારા કાયમી ધોરણે અહીંયા ટ્રાફિક પોઈન્ટ મુકાઈ અથવા તો આ ટ્રાફિક સમસ્યાનો નિવારણ કરાય તે જરૂરી બાબત બની છે.

## દે.બારીયા શહેરની ખાનગી શાળામાં ભણતા કેટલાય વિદ્યાર્થીઓ કોરોનાકાળની ફી નહીં ભરી શકતા હજુપણ અભ્યાસ થી વંચિત

દાહોદ,

પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યમાં જયારે કોરોના વાઈરસનો કહેર વાર્તાયો ત્યારે એસટી સેવા સહીત વાહનવ્યવહાર સંપૂર્ણ બંધ કરાવી લોકડાઉન થતા તમામ સરકારી અને ખાનગી શાળાઓ પણ બંધ કરવામાં આવી હતી. દેવગઢ બારીયા તાલુકા ની પણ તમામ શાળાઓ સરકાર નો આદેશ થતા બંધ કરવામાં આવી હતી.

ગામડા માંથી કેટલાક બાળકો દેવગઢ બારીયા શહેર ની ખાનગી શાળાઓમાં અભ્યાસ કરી રહ્યા હતા. જેઓ દરરોજ ખાનગી ગાડીઓમાં શાળામાં ભણવા માટે આવ-જા કરતા હતા. પરંતુ શાળાઓ બંધ થતા અભ્યાસ પણ બંધ થયો અને બાળકોને ઉપરના ધોરણમાં પણ પરીક્ષા વગર લઈ જવાનું સરકાર તરફથી જાહેર કરવામાં આવ્યું. તમામ બાળકો પાસ થઈ અને આગળના ધોરણમાં જતા રહ્યા અને કોરોના વાઈરસનું તાંડવ બંધ નહીં થયું અને કોરોનામાં ફરીપણ બધુ બંધ થયું.

ખાનગી શાળામાં ભણતા બાળકો ના વાલીઓ ઉપર શાળા સંચાલકો દ્વારા ફી ભરવા માટે કેટલાક વાલીઓ ઉપર નોટીસ પણ મોકલવાનું શરૂ કરાયું. કેટલાય વાલીઓએ બે-બે વર્ષની ફી મફતમાં ભરી પોતાના બાળકને ફરીથી શાળામાં અભ્યાસ માટે દાખલ કર્યા પરંતુ કેટલાય મદયમવર્ગીય વાલીઓના બાળકો ખાનગી શાળાની ઊંચી ફી હજુપણ નહીં ભરી શકતા આજે પણ બાળકો અભ્યાસ થી વંચિત ઘરે રહી ક્યાંક મજૂરી કામ અથવા પોતાના ઘરના ઢોર ચરાવી રહ્યા હોવાની જાણકારી મળી છે. હવે આ બાળકોને પોતાની ફી ભર્યા વગર તેમને પોતાનું શાળા છોડયાનું પ્રમાણપત્ર પણ મળી શકતું નથી અને બીજી શાળામાં પણ અભ્યાસ માટે જઈ શકતા નથી.

સરકારી તંત્ર દ્વારા આવા બાળકોની યાદી મંગાવી દરેક બાળકોને પુનઃ અભ્યાસમાં કોઈપણ શાળામાં દાખલ કરવા તજવીજ કરવું જોઈએ. આજનું બાળક આવતીકાલનો ભાવિ નાગરિક છે. આ સૂત્ર ત્યારે ખરા અર્થમાં સાબિત થઈ શકે.

## સંજેલીના કરંબા તારમી રોડ પર રસ્તા વચ્ચે સંજીવની દૂધના પાઉચો ફેંકી દેતા ફોટા થયા વાયરલ



સંજેલી,

સંજેલી તાલુકાના તારમી કરંબા રસ્તા પર સંજીવની દૂધના પાઉચ રોડ પર ફેંકી દેવાતા ફોટા થયા વાયરલ.સરકાર દ્વારા લાખોના ખર્ચે બાળકો કુપોષિત ન રહી જાય તે માટે દૂધનું મફત વિતરણ કરવામાં આવે છે. તો બીજી બાજુ આ રોડ વચ્ચે દૂધ કોણ ફેંકી ગયું હશે. તેવા અનેક સવાલો ઊભા થયા સરકારી પૈસાનો દુરૂપયોગ કેટલાક સમયથી થતો હશે. તેવા અનેક સવાલો ઉઠવા પામ્યા છે.

## ગરબાડા હાટ બજારમાં બકરા બાબતે થયેલ ધીંગાણામાં મારામારી થતાં ચાર ઈસમોને ઈજાઓ

દાહોદ,

દાહોદના ગરબાડા ચોકડી પર હાટ બજારમાં બકરા બાબતે થયેલ ધિંગાણામાં લાકડીઓ તથા લોખંડની પાઈપોનો છુટથી ઉપયોગ કરાતા ચાર ઈસમોને ગંભીર ઈજાઓ થયાનું અને હાટ બજારમાં નાસભાગ મચી જવા પામી હોવાનું જાણવા મળ્યું છે.

દાહોદ તાલુકાના મોટી ખરજ ગામના માળ ફળિયામાં રહેતો રમેશભાઈ ડામોર ગઈકાલે સવારે આઠેક વાગ્યાના સુમારે બકરા લઈ દાહોદ હાટમાં વેચવા જતો હોઈ અને મહેન્દ્રા શો રૂમ આગળ જતાં મોટી ખરજ ગામના ભાભોર કુટુંબના અનેશભાઈ બાબુભાઈ, બાબુભાઈ મલહીંગભાઈ, કનેશભાઈ લાલુભાઈ, રમસુભાઈ હુમલાભાઈ, દિનેશભાઈ મલહીંગભાઈ તથા પુંસરી ગામના કનેશભાઈ સમસુભાઈ મિનામાએ આવી બકરા લઈને તું ક્યાં જાય છે, તેમ કહી રમેશભાઈ ડામોર સાથે ઝપાઝપી કરતા રમેશભાઈ ડામોરે ફોન કરી રાકેશભાઈ હીમાભાઈ ડામોરને બોલાવતાં રાકેશભાઈ ત્યાં આવી જતાં ભાભોર કુટુંબના ઉપરોક્ત છ જણા ત્યાંથી જતાં રહ્યા હતા અને રાકેશભાઈ ડામોર તેમજ રાકેશભાઈ ડામોર બકરા લઈને ગરબાડા ચોકડી હાટ બજારમાં આવ્યા હતા. તે વખતે ભાભોર કુટુંબના ઉપરોક્ત છ જણાઓએ આવી બકરા લઈને ક્યાં જાય છે તેમ કહી બોલાચાલી કરતા ઉશ્કેરાઈ ગયેલા ઉપરોક્ત છ જણાઓએ ઉશ્કેરાઈ જઈ લાકડીઓ અને લોખંડની પાઈપ વડે હુમલો કરી વજેસિંહને માથામાં ઈજા કરી તથા ડાબા હાથે આંગળી પર ફ્રેકચર કરી, પરેશભાઈને માથાના પાછળના ભાગે, મહેશભાઈને ડાબા હાથના પંજા પર ફ્રેકચર કરી તથા રમેશભાઈને માથામાં ગંભીર ઈજાઓ કરી હતી તથા બેફામ ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધાકધમકીઓ આપી હતી.

આ સંબંધે મોટી ખરજ ગામના રાકેશભાઈ હિમાભાઈ ડામોરે દાહોદ એ ડીવીઝન પોલીસે સ્ટેશને ફરિયાદ નોંધાવતા પોલીસે આ સંદર્ભે ઈપીકો કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## લીમખેડાની હાઈસ્કુલમાં ૧૨ સાયન્સમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીને અકસ્માત નડતા વર્ષ ન બગડે તે માટે રાઈટરની મંજુરી અપાઈ

દાહોદ,

દાહોદ જિલ્લાના સીંગવડ નગરમાં રહેતો અને લીમખેડાની હાઈસ્કુલમાં ધોરણ ૧૨ સાયન્સમાં અભ્યાસ કરતો એક વિદ્યાર્થી ગતરોજ ટ્યુશનથી ઘરે આવતી વેળાએ વિદ્યાર્થીને માર્ગ અકસ્માત નડતાં તેને શરીરે, હાથે પગે ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત વિદ્યાર્થી પરીક્ષા આપવા થયેલી ઈજાઓને કારણે પરીક્ષા આપી શકે તેમ ન હતો. ત્યારે હાલ બોર્ડની પરીક્ષા ચાલતી હોય અને આવા સમયે આ વિદ્યાર્થીને અકસ્માત નડ્યો હોવાના સમાચાર દાહોદ જિલ્લા શિક્ષણાધિકારી મયુર પારેખને થતાં આજરોજ આ વિદ્યાર્થીનું ધોરણ ૧૨નું સાયન્સના પેપરમાં વિદ્યાર્થીનું આખું વર્ષ અને ભવિષ્ય ન બગડે તેવા ઉમદા હેતસર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા વિદ્યાર્થીને પરીક્ષા આપવા માટે એક રાઈટરની મંજુરી આપી શિક્ષણ જગતમાં ઉમદુ ઉદાહરણ પુરૂં પાડ્યું હતું.

દાહોદ જિલ્લાના સીંગવડ નગરમાં આવેલ જી.એલ. શેઠ હાઈસ્કૂલના વિદ્યાર્થી ભુરીયા શિવરાજભાઈ કાલીદાસ નુતન હાઈસ્કુલ, લીમખેડા ખાતે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા આપી રહ્યા હતા. જેઓને તારીખ ૨૨મી માર્ચના રોજ ટ્યુશનથી ઘરે જતા શિવરાજભાઈને માર્ગ અકસ્માત નડ્યો હતો અને શિવરાજને બંને હાથ તથા ખભાના ભાગે ઈજાઓ થઈ હતી અને તેઓને આજરોજ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના અંગ્રેજી વિષયની પરીક્ષા આપવાની હતી અને આ વિદ્યાર્થીની જાણ જિલ્લા શિક્ષણાધિકારી મયુર પારેખને આજરોજ ૧૧.૩૦ કલાકે થતા તેઓએ તાત્કાલિક આ વિદ્યાર્થી પરીક્ષા આપી શકે અને તેનું વર્ષ ના બગડે તે માટે માનવતાના ધોરણે ધોરણ-૧૧ માં અભ્યાસ કરતા વિદ્યાર્થિની રાઈટર તરીકેની મંજૂરી આપી વ્યવસ્થા કરી આપી હતી અને આમ, ભુરીયા શિવરાજે આજરોજ પરીક્ષા આપી હતી. આ તબક્કે વિદ્યાર્થીના વાલીએ જિલ્લા શિક્ષણ અધિકારી મયુર પારેખ તથા સ્થળ સંચાલક એસપી પરમારનો આભાર વ્યક્ત કરી આંનદ વ્યક્ત કર્યો હતો.

## લીમખેડાના ચીલાકોટા ગામે લોખંડ ભરી આવતું ટ્રેક્ટર પલ્ટી જતાં ટ્રેક્ટર નીચે દબાઈ જતાં બેના મોત



દાહોદ,

લીમખેડા તાલુકાના ચીલાકોટા ગામે લોખંડ ભરીને આવતું ટ્રેકટર તેના ચાલકની ગફલતને કારણે પલ્ટી ખાઈ જતાં બે જણા ટ્રેક્ટર નીચે દબાઈ જતાં તે બંનેના સ્થળ પર જ મોત નિપજયાનું અને અન્ય ત્રણને ઈજાઓ થતાં તે ત્રણે ઈજાગ્રસ્તોને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાનું જાણવા મળ્યું છે.

લીમખેડા તાલુકાના ચીલાકોટા ગામે લોખંડ ભરીને એક ટ્રેક્ટર પુરપાટ આવી રહ્યું હતું. તે દરમ્યાન વધુ પડતી ઝડપ અને ચાલકની ગફલતને કારણે ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતાં ટ્રેક્ટર ચીલાકોટા ગામે રોડ પર પલ્ટી ખાઈ જતાં ટ્રેક્ટર પર બેઠેલા પાંચ જણા ટ્રેક્ટર નીચે દબાઈ ગયા હતા. જે પૈકીના બે જણાનું ગંભીર ઈજાઓને કારણે મોત નિપજ્યું હતું જ્યારે ત્રણ જણાને ગંભીર ઈજાઓ થતાં તે ત્રણે ઈજાગ્રસ્તોને સારવાર માટે દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ લીમખેડા પોલીસને કરવામાં આવતાં લીમખેડા પોલીસે બંને મૃત્તકોની લાશનું પંચો રૂબરૂ પંચનામું કરી પોસ્ટમોર્ટમ માટે બંનેની લાશને લીમખેડા સરકારી દવાખાને મોકલી આપી ઘટના અંગેની ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરી છે.

## કોરોના કાળમાં વિદ્યાર્થીઓ ફી ન ભરી શકતા દે.બારીઆની ખાનગી શાળાઓમાં વિદ્યાર્થીઓ હજુ અભ્યાસથી વંચિત

દે.બારીઆ,

રાજયમાં જયારે કોરોના વાયરસનો કહેર વર્તાયો ત્યારે તમામ સરકારી અને ખાનગી શાળાઓ પણ બંધ કરવામાં આવી હતી. દે.બારીઆ તાલુકા પણ તમામ શાળાઓ સરકારના આદેશ થતાં બંધ કરવામાં આવી હતી. ગામડામાંથી કેટલાક બાળકો દે.બારીઆ શહેરની ખાનગી શાળાઓમાં અભ્યાસ કરી રહ્યા હતા. જેઓ દરરોજ ખાનગી ગાડીઓમાં શાળામાં ભણવા માટે આવ-જા કરતા હતા પરંતુ શાળાઓ બંધ થતાં અભ્યાસ પણ બંધ થયો હતો અને બાળકોને ઉપરના ધોરણમાં પણ પરીક્ષા વગર લઈ જવાનુ જાહેર કરવામાં આવ્યુ હતુ. તમામ બાળકો પાસ થઈ આગળના ધોરણમાં જતા રહ્યા અને કોરોના વાયરસનુ તાંડવ બંધ નહિ થયુ અને કોરોનામાં ફરી પણ બધુ બંધ થયુ. ખાનગી શાળામાં ભણતા બાળકોના વાલીઓ પણ શાળા સંચાલકો દ્વારા ફી ભરવા માટે નોટિસ પણ મોકલવાનુ શરૂ કરાયુ. કેટલાય વાલીઓએ બે-બે વર્ષની ફી મફતમાં ભરી પોતાના બાળકોને ફરીથી શાળામાં અભ્યાસ માટે દાખલ કર્યા પરંતુ કેટલાય મદયમવર્ગીય વાલીઓના બાળકો ખાનગી શાળાની ઉંચી ફી હજુપણ નહિ ભરી શકતા આજેપણ બાળકો અભ્યાસ વંચિત ઘરે રહી કયાંક મજુરી કામ અથવા પોતાના ઢોર ચરાવી રહ્યા હોવાની જાણકારી મળી છે. હવે આ બાળકોને પોતાની ફી ભર્યા વગર તેમને પોતાની શાળા છોડયાનુ પ્રમાણપત્ર પણ મળી શકતુ નથી. અને બીજી શાળામાં પણ અભ્યાસ માટે જઈ શકતા નથી. તંત્ર દ્વારા આવા બાળકોની યાદી મંગાવી દરેક બાળકોને પુનઃ અભ્યાસમાં શાળામાં દાખલ કરવા તજવીજ કરવી જોઈએ. આજનુ બાળક આવતીકાલનો ભાવિ નાગરિક છે. આ સુત્ર ત્યારે ખરા અર્થમાં સાબિત થઈ શકે.

## સીંગવડના રંધિકપુર પોલીસ મથક ખાતે વાર્ષિક ઈન્સ્પેકશન અને લોક દરબાર યોજાયો

સીંગવડ,

સીંગવડ તાલુકાના રંધિકપુર પોલીસ મથક ખાતે જિલ્લા પોલીસ વડા દાહોદની અધ્યક્ષતામાં વાર્ષિક ઈન્સ્પેકશન તેમજ લોક દરબારનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિસ્તારના આગેવાનો, વિવિધ ગ્રામ પંચાયતના સરપંચો, તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. અને કાર્યક્રમમાં પોલીસ જવાનો રહેઠાણ માટે કવાટર્સ બાબતે તેમજ મહેકમ મુજબ કર્મારીઓની ભરતી તેમજ ગામમાં સીસીટીવી કેમેરાની વ્યવસ્થા જેવી પ્રાથમિક બાબતો સહિત કેટલીક વિશેષ બાબતો ઉપર જિલ્લા પોલીસ વડાને રજુઆત કરવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર સીંગવડ તાલુકાના રંધિકપુર પોલીસ મથક ખાતે દર વર્ષની જેમ જિલ્લા પોલીસ વડાની કચેરી દ્વારા ઈન્સ્પેકશન હાથ ધરવામાં આવે છે ત્યારે દાહોદ જિલ્લા પોલીસવડા બલરામ મીનાની અધ્યક્ષતામાં વાર્ષિક ઈન્સ્પેક્શન તેમજ લોક દરબારનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. અને પોલીસ મથકના પ્રાંગણમાં જ જવાનોએ જનરલ સેલ્યુટ આપી જિલ્લા પોલીસવડાનુ સ્વાગત કર્યુ હતુ. દર વર્ષની જેમ વાર્ષિક ઈન્સ્પેક્શનમાં જિલ્લા પોલીસવડા દાહોદ એ જાત માહિતીઓ લઈ નિરીક્ષણ કર્યુ હતુ. જયારે રેકર્ડની ચકાસણી સહિત ક્રાઈમની ચર્ચા અને ગંભીર ગુનાઓ દાખલ થવા બાબતની પણ જાત માહિતી લીધી હતી.

## રોઝાની મહાનતા અને ફઝીલત

દુનિયાના તમામ ધર્મોમાં રોઝા (ઉપવાસ)નું મહત્વ છે. દરેક ધર્મના લોકો પોતપોતાની રીતે રોઝા (ઉપવાસ) કરે છે. રોઝાની શરૂઆત દાદા આદમ અલિય હિસ્સ સલામના વખતથી શરૂ થઈ. દાદા આદમ અમ્લય હિસ્સલમ અને મા હવાને જન્નત માંથી દુનિયામાં મોકલતા ધણાં જ રંજીદા હતા. એમના શરીરનું નુર છીનવાઈ ગયું હતું. આખું ખરીર કાળું ધબ થઈ ગયું હતું. તેમના શરીરની ખુબશુરતી જતી રહી હતી. તેમણે હઝરત મોહમંદ સલ્લલ્લાહો અલય હે વઆલેહિ વસલ્લમના વસીલાથી અલ્લાહ પાસે માફ કરવા દુઆ માંગી અલ્લાહે તેમની દુઆ કબુલ કરી તે સમયે જિબ્રઈલ અલય હિસ્સલામને કહ્યું કે મહિનાની ૧૩,૧૪,૧૫ તારીખોના રોઝા રાખો આ રોઝાની બરકતથી તમારું શરીર પહેલા જેવું સ્વરૂપવાન હતું. તેવું થઈ જશે દાદા આદમ અલયહિસ્સલામે ૧૩ તારીખનો રોઝા રાખતા શરીરનો ત્રીજો ભાગ સુંદર થઈ ગયો અને ૧૪ અને ૧૫ તારીખના રોઝા રાખતા રોઝાની બરકત થી તમામ શરીર પહેલા જેવું સુંદર બની ગયું. આમ રોઝા રાખવાની શરૂઆત થઈ હતી.

(બહવાલો તોહ-ફ-એ રમઝાન શરીફ પાન-૩૧-૩૨)

તા.૨૪/૦૩/૨૦૨૩ શુક્રવાર

ખત્મે શહેરી ૫.૧૫

વકતે ઈફતાર ૬.૪૮

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.180

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


# ઘોઘંબા ગ્રામ પંચાયત દ્વારા પીવાના પાણીનો દુરવ્યર્ય અટકાવવા ૫૦૦ રૂ.ના દંડનો નિર્ણય

ગોધરા,

પંચમહાલ જીલ્લાની ઘોઘંબા ગ્રામ પંચાયત દ્વારા ગામના અમુક પરિવારોને નળ કનેકશન દ્વારા પીવાનું પાણી પુરુ પાડવામાં આવે છે. આ પાણીનો વ્યાપક વ્યર્થ કરવામાં આવે છે. સાથે પાણીની લાઈનમાં નળ બેસાડવામાં નહિ આવતાં પાણી ખુલ્લામાં વહી જતું હોય જેને લઈ ગ્રામ પંચાયતની મીટીંગમાં પાણીનો વ્યય કરનાર વ્યકિત પાસેથી ૫૦૦ રૂપીયા દંડની જોગવાઈ કરાઈ છે.

ઉનાળાની સીજનમાં પીવાના પાણીની સમસ્યા મોટા પ્રમાણમાં આવતી હોય ત્યારે પાણીનો ખોટો વ્યય ન થાય તે માટે દરેક નાગરિક પોતાની ફરજ સમજીને પાણીનો દુરવ્યય ન થાય તે માટે પ્રયત્નો કરવા જોઈએ તે જરૂરી છે. પાણીના ખોટો દુરવ્યયને લઈ પાણીની સમસ્યા દિનપ્રતિદિન સામે આવતી હોય છે. પંચમહાલ જીલ્લાના અનેક તાલુકાઓના ગામોમાં પીવાના પાણીની સમસ્યા સામાન્ય થઈ ગઈ છે. પાણીની સમસ્યાનું મુળ કારણ પાણીનો દુરવ્યય કરવો પણ છે. પંચમહાલ જીલ્લાનું ઘોઘંબા તાલુકા મથકની ગ્રામ પંચાયત છે. આ ગ્રામ પંચાયત દ્વારા ગામમાં પીવાના પાણીના કનેકશન આપવામાં આવ્યા છે. આવા નળ કનેકશન દ્વારા પાણીનો સપ્લાય પુરો પાડવામાં આવે છે પરંતુ ગામમાં નળો ખુલ્લો રાખવાને લઈ પાણીનો દુરવ્યય થઈ રહ્યો છે. તેમાં પણ અમુક પાણીની લાઈનોના કનેકશન આવ્યા છે. તેવા કનેકશન ઉપર નળ નાખવામાં આવ્યા ન હોય જેને લઈ પાણી ખુલ્લામાં ગટરમાં વહી જાય છે. ઘોઘંબા ગ્રામ પંચાયત વિસ્તારમાં પાણીના વ્યય થતાં અટકાવવા માટે ઘોઘંબા ગ્રામ પંચાયતમાં ૪ માર્ચ ૨૦૨૩ નારોજ મીટીંગ યોજાવામાં આવી હતી. આ મીટીંગમાં નળ કનેકશન હોય અને બિનજરૂરી પાણીનો બગાડ કરતાં ધ્યાને આવે તો કનેકશનધારકને ૫૦૦ રૂપીયા દંડ કરવામાં આવશે અને સ્થળ ઉપર વસુલ કરવામાં આવશે. જો કનેકશનધારક સ્થળ ઉપર દંડની રકમ ન ભરે તો તેની મિલ્કત ઉપર બાકી લેણા તરીકે ઉધારવામાં આવશે. કોઈ કનેકશનધારકને દંડ કર્યા બાદ પ્રથમ સુચના બાદ પણ પાણીનો વ્યય ચાલુ રાખવામાં આવશે. તો નળ કનેકશન કાપી નાખવામાં આવશે. તેમજ ફરી નળ કનેકશન ચાલુ કરવામાં આવશે નહિ. ત્યારે ઘોઘંબાના ગ્રામજનો પાણીના બગાડ અટકાવવા નિર્ણયને સહયોગ કરવા અપીલ કરી છે.

**નળ કનેકશન ધારક એક વખત દંડ ભર્યા બાદ પણ પાણીનો વ્યય કરે તો કેનકશન કાયમી કાપી નાખવામાં આવશે**

## દાહોદમાં મામલતદાર અને કૃષિપંચ કોર્ટ દ્વારા મૂળ ગોધરાના રહેવાસી ઉપર બિનખેડુતની તપાસ પૂર્ણ થાય તે પહેલા ગોધરા તાલુકાની જમીનોના વેચાણ અને ગીરો બોજ નાખવાની પેરવીમાં

ગોધરા,

દાહોદમાં ખાતા નંબર ૧૦૪ના રે.સ.નં.૪૭૦ વાળી જમીનના ખાતેદાર અબ્દુલ રહિમ અબ્દુલ સત્તાર ફોદા ખાતેદાર ખેડુત કે બિનખેડુતની કાર્યવાહી દાહોદ મામલતદાર અને કૃષિપંચ કોર્ટમાં ચાલુ હોય અને ખેડુત બિનખેડુત અંગેની કાર્યવાહી પુરી થાય તે પહેલા ગોધરા તાલુકામાં આવે છે. ખેતીની જમીનો વેચી તબદીલ કરી સરકારની જોગવાઈ ભંગ કરતા હોય ત્યારે તાત્કાલીક અસરથી ગોધરા મામલતદાર (શહેર) અને ગ્રામ્ય દ્વારા આવી જમીનો ઉપર કોઈપણ વ્યવહાર ન થાય તે માટે હુકમથી જાણ કરાઈ.

દાહોદ ખાતે ખાતા નંબર ૧૦૪ રે.સર્વે. નં.૪૭૦ વાળી જમીનના ખાતેદાર અબ્દુલ રહિમ અબ્દુલ સત્તાર ફોદા છે. આ ખાતેદાર ખેડુત છે કે બિનખેડુત તે બાબતે ગણોતધારાની કલમ ૬૩,૬૪ અને અન્ય કલમો મુજબ દાહોદ મામલતદાર અને કૃષિપંચની કોર્ટમાં કેસ ચાલુ છે. ત્યારે ખેડુત છે કે બિનખેડુતને મુદ્દો દાહોદમાં ચાલી રહ્યો છે. તેવા ખાતેદાર ગોધરાના રહેવાસી અબ્દુલ સત્તાર ઈસ્માઈલ ફોદાની સીધી લીટીમાં આવતાં અબ્દુલ રહિમ હાજી, ઈસહાકહાજી, હકીમ હાજી, હમીર હાજી, મહેબુબ હાજી, મુસ્તાક હાજી અને તેમની બહેનો-ભત્રીજા તમામના નામે ગોધરા તાલુકા ચિખોદ્રા, પોપટપુરા, હમીરપુર, જીતપુરા, લીલેસરા, ભામૈયામાં ખેતીની જમીન ધારણ કરે છે. આ કબજેદાર જમીન વેચી તબદીલ કરી અને સરકારની કાયદાકીય જોગવાઈ મુજબ જમીન સરકારશ્રીના નિયમ ૨૦૧૫ મુજબ રેકર્ડ પર બિનખેડુતની વિગત આપે તે પહેલા જમીન વેચાણ દસ્તાવેજ તથા ગીરો અને બોજા નાખવાની તજવીજ હાથ ધરેલ હોય ત્યારે દાહોદ મામલતદાર અને કૃષિપંચ કોર્ટ દ્વારા જાણ કરવામાં આવી હોવા છતાં ગોધરા મામલતદાર અને ગ્રામ્ય મામલતદાર ધ્યાન આપી આવા વ્યવહારો ઉપર રોક લગાવે તે જરૂરી.

# પંચમહાલ જિલ્લામાં પોષણ અભિયાન અંતર્ગત જિલ્લા વિકાસ અધિકારી ડી.કે.બારિયાની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ



ગોધરા,

પંચમહાલ જિલ્લા વિકાસ અધિકારી ડી.કે.બારિયાના અદયક્ષપદે આજરોજ જિલ્લા કલેકટર કચેરી સભાખંડ ગોધરા ખાતે પોષણ અભિયાન અંતર્ગત બેઠક યોજાઈ હતી.

જિલ્લા વિકાસ અધિકારીએ ઉક્ત બેઠકને સંબોધતા જણાવ્યું હતું કે, મહિલા અને બાળ વિકાસ મંત્રાલય (MWCD)ધાન્ય (મિલેટ)ને લોકપ્રિય બનાવવા માટે વિવિધ પગલાં લઈ રહ્યું છે. માર્ચ-એપ્રિલ ૨૦૨૩ની આ ઉજવણી અંતર્ગત પોષણ પખવાડિયા મિલેટના પોષક લાભો વિશેની માહિતી જનસમુદાયો સુધી પહોંચાડવા અને તેમને સંવેદનશીલ બનાવવા માટે યોગ્ય પ્લેટફોર્મ બની રહેશે. આ ઉજવણી વિવિધ થીમો આધારીત ઉજવાશે જેમાં પોષણ-સુખાકારી માટે મિલેટ, સ્વસ્થ બાળક સ્પર્ધા અને સક્ષમ આંગણવાડીનો પણ સમાવેશ કરાયો છે તેમ જણાવ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા પ્રોગ્રામ ઓફિસરમતી રમીલાબેન ચૌધરી દ્વારા પ્રેઝન્ટેશન રજૂ કરાઈને વિસ્તૃત માહિતી રજૂ કરાઈ હતી.જેમાં આંગણવાડી કેન્દ્ર ખાતે મિલેટ આધારિત વાનગી/ રેસીપી સ્પર્ધા, મિલેટ અને બેકયાર્ડ કીચન ગાર્ડનને પ્રોત્સાહન આપવાની ઝૂંબેશ, મિલેટના લાભો અંગે સંસ્થાઓ, કાર્યકર્તાઓ અને સમુદાયને સંવેદનશીલ બનાવવાની ઝુંબેશ, કુપોષણ નાબૂદ કરવામાં મિલેટની ભૂમિકા વિષય પર કેન્દ્રિત નિબંધ, પ્રશ્નોત્તરી (કવીઝ) અથવા ચિત્ર સ્પર્ધા, મિલેટ અને કિશોરીઓના સ્વાસ્થ્યને સ્પર્શતો કિશોરીઓ માટેનો જાગૃતિ કાર્યક્રમ,શાળા કક્ષાએ મિલેટ મેળા,મિલેટ આધારિત તંદુરસ્ત આહાર પ્રથાઓ (પ્રાદેશિક અને ઋતુગત) પર જાગૃતિ શિબિર, જીવનશૈલી આધારિત રોગોની અટકાયત માટે જીવનશૈલીમાં ફેરફાર અને તેમાં મિલેટની ભૂમિકા અંગે જાગૃતિ અભિયાન, મિલેટના રોજીંદા ઉપયોગ પર ધ્યાન કેન્દ્રિત કરી સગર્ભા અને ધાત્રી માતાઓ માટે વિવિધ આરોગ્ય સુવિધાઓ પર આહાર પરામર્શ કેમ્પનું આયોજન કરવા સહિતની માહિતી રજૂ કરાઈ હતી.

આ બેઠકમાં જિલ્લા આરોગ્ય અધિકારી ચૌધરી દ્વારા મિલેટ ધાન્યોના ઉપયોગથી થતા ફાયદા વિશે માહિતી અપાઈ હતી.

બેઠકના અંતે જિલ્લા વિકાસ અધિકારી સહિત અમલીકરણ અધિકારીઓએ પોષણ અંગેના શપથ લીધા હતા. આ બેઠકમાં સબંધીત અધિકારીઓ, આઈ.સી.ડી.એસ વિભાગના અધિકારીઓ/ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શહેરા વનવિભાગ એ માતરીયા વ્યાસ ગામ પાસેથી પાસ પરમીટ વગરની લીલા પંચરાઉ ઈમારતી લાકડા ભરેલી ટ્રક પકડી



તસ્વીર : તુષાર દરજી, શહેરા

- બે નંબરી લાકડા અને ટ્રક મળીને ચાર લાખનો મુદ્દામાલ.
- RFO રોહિત પટેલ દ્વારા પાછલા ત્રણ મહિનામાં ૧૦ કરતાં વધુ બે નંબરી લાકડા ભરેલ વાહનો ઝડપી પાડવા સાથે અંદાજિત ૨૨લાખ કરતા વધુનો મુદ્દામાલ કબજે કર્યો.

શહેરા,

શહેરા વનવિભાગ એ માતરીયા વ્યાસ ગામ પાસેથી પાસ પરમીટ વગરની લીલા પંચરાઉ ઈમારતી લાકડા ભરેલી ટ્રક પકડી પાડી હતી. વન વિભાગે લાકડા અને ટ્રક મળીને ચાર લાખનો મુદ્દામાલ કબજે લઈને કાયદેસરની કાર્યવાહી હાથધરી છે.

શહેરા વન વિભાગના આર.એફ.ઓ. રોહિત પટેલને બાતમી મળેલ હતી કે, માતરીયા વ્યાસ ગામ પાસેથી પાસ પરમીટ વગર પંચરાઉ લાકડા ભરેલી ગાડી નીકળવાની છે. બાતમીના આધારે આર.એફ.ઓ. રોહિત પટેલ એ મંગલીયાણા રાઉન્ડ ફોરેસ્ટર જે.વી.પુવાર સહિતના સ્ટાફને જરૂરી સૂચનો આપવા સાથે સ્થળ પર પહોંચી જવા માટે જણાવવામાં આવ્યું હતું. વન વિભાગના સ્ટાફે વોચ ગોઠવીને લીલા પંચરાઉ ઈમારતી લાકડા ભરેલી ટ્રક નંબર GJ-17-X-2626 ને પકડી પાડી હતી. જોકે, વન વિભાગની ટીમને દેખતા ટ્રક ચાલક લાકડા ભરેલ ટ્રક મૂકીને ત્યાંથી ફરાર થઈ જતા પાસ પરમીટ નહિ હોવા છતાં લાકડા ભરેલ હોવાનું વન વિભાગનાં મંગલીયાણા રાઉન્ડ ફોરેસ્ટર જે.વી.પુવારને માલુમ થયું હતું. પંચરાઉ લાકડા ભરેલ ટ્રકને કચેરી ખાતે લાવીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવવા સાથે લાકડા અને ટ્રક મળીને રૂપિયા ચાર લાખનો મુદ્દામાલ કબજે કરીને વધુ તપાસના ચક્રોગતિમાન કર્યા હતા. વન વિભાગના આર.એફ.ઓ. રોહિત પટેલ દ્વારા પાછલા ત્રણ મહિનામાં ૧૦ કરતાં વધુ બે નંબરી લાકડા ભરેલ વાહનો ઝડપી પાડવા સાથે અંદાજિત ૨૨લાખ કરતા વધુનો મુદ્દામાલ કબજે કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવતા લાકડા ચોરોમાં ભારે ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

## ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના ૬૦૫ સંશોધનાર્થીઓના રીસર્ચ એડવાઈઝરી કમિટીનું આયોજન કરાયું



ગોધરા,

ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના કુલપતિ પ્રો.પ્રતાપસિંહ ચૌહાણની અદયક્ષતામાં પીએચ.ડી. ફેસિલીટેશન વિભાગ દ્વારા તા.૧૭/૦૩/૨૦૨૩ થી તા.૨૧/૦૩/૨૦૨૩ સુધી વર્ષ: ૨૦૧૯-૨૦, ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ના સંશોધનાર્થીઓના આર.એ.સી. (રીસર્ચ એડવાઈઝરી કમિટી) ૨, ૪ અને ૬નું આયોજન વિંઝોલ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં એકાઉન્ટમા ૦૬, કોમર્સમા ૨૬, કેમીસ્ટ્રીમા ૧૪, ઈકોનોમિકસમા ૩૮, એજ્યુકેશનમા ૭૧, અંગ્રેજીમા ૪૪, ગુજરાતીમાં ૭૫, હિન્દીમાં ૩૯, ઈતિહાસમા ૪૨, લોમા ૨૦, લાયબ્રેરી એન્ડ ઈન્ફો. સાયન્સમા ૨૩, મેનેજમેન્ટમા ૦૨, મેથેમેટીક્સ ૦૩, ફિઝિમા ૦૩, લાઈફ સાયન્સ ફેકલ્ટીમા ૧૫, ફિઝિકલ એજ્યુકેશનમા ૪૮, સાયકોલોજીમા ૧૮, સંસ્કૃતમા ૭૦, સ્ટેટીસ્ટીક્સમા ૦૨ અને સોશિયોલોજીમા ૪૪ એમ કુલ ૬૦૫ સંશોધનાર્થીઓના રીસર્ચ એડવાઈઝરી કમિટીનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં કોમર્સ ફેકલ્ટીના ૦૬, સંસ્કૃતના ૦૬, ફિઝિકલ એજ્યુકેશનના ૦૨, અંગ્રેજીમાં ૦૧, ઈકોનોમિકસમા ૦૩, સોશિયોલોજીમા ૦૧, લોમા ૦૧, સાયકોલોજીમા ૦૩ અને એજ્યુકેશનમા ૦૪ એમ કુલ ૨૭ વિદ્યાર્થીઓનું પ્રિ-વાઈવા પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. ઉપરોકત કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન ડો. અનિલ સોલંકી, કુલસચિવ હાજરીમાં કરવામાં આવ્યું હતું. તેમ એસ.જી.અંસારી, રીસર્ચ એડવાઈઝર, ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## ગોધરા શહેરના જૈન સમ્રાટ સોસાયટી અને સ્ટેશન રોડ ઉપરથી બાઈકની ચોરી થયાની ફરિયાદ

ગોધરા,

ગોધરા શહેરની જૈન સમ્રાટ સોસાયટી ભુરાવાવ અને સ્ટેશન રોડ ક્રિષ્ણા કરીયાણા સ્ટોરના પાછળથી મળી બે મોટર સાયકલોની ચોરી થયાની ફરિયાદ પોલીસ મથકે નોંધાવા પામી.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા શહેર ભુરાવવા જૈન સમ્રાટ સોસાયટીમાં રહેતા જયેશભાઈ ભરતભાઈ પરમારની હિરો હોન્ડા સોલો પ્લસ નંબર જીજે.૧૭.એએમ.૦૦૧૦ને કિંમત ૨૫,૦૦૦/-રૂપીયા ઘર આગળ પાર્ક કરેલ બાઈકની ચોરી કોઈ વાહન ચોર કરી ગયેલ હોય તે બાબતે એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

જયારે ગોધરા સ્ટેશન રોડ ક્રિષ્ણા કરીયાણા જનરલ સ્ટોર્સની પાછળ પાર્કિંગમાં મુકેલ બાઈક પેશન નંબર જીજે.૧૭.બીડી.૫૮૫૮ કિંમત ૩૦,૦૦૦/-રૂપીયાની કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી જતાં આ બાબતે બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## હાલોલના રાયણવાડીયા ગામે રોડ ઉપર ખેરના લાકડા ભરી જતાં કવાલીસ ઝાડ સાથે અથડાતા ચાલક અને કલીનરનું મોત

હાલોલ,

હાલોલ તાલુકાના રાયણવાડીયા હાથીખાના ફળીયા પાસે રોડ ઉપરથી પસાર થતી કવાલીસ ગાડીમાં ખેરના લાકડા ભરી ગફલતભરી રીતે હંકારતા હોય અને સ્ટેયરીંગ ઉપરનો કાબુ ગુમાવી ઝાડ સાથે અથડાવી દેતાં ચાલક અને કલીનરનું મોત નિપજાવા પામ્યું.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ તાલુકાના રાયણવાડીયા હાથીખાના ફળીયા પાસે રોડ ઉપર થી પસાર થતી કવાલીસ ગાડી નંબર જીજે.૦૭.એજી.૨૦૧૩માં ખેરના લાકડા ભરીને પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવતા હોય લાકડાના લીધે કવાલીસના ચાલકે સ્ટીયરીંગ ઉપરનો કાબુ ગુમાવી દેતા રોડ સાઈડના ઝાડ સાથે ધડાકાભેર અથડાવી દીધી હતી. ઝાડ સાથે અથડાતા ડ્રાઈવર જુનેદ અહેમદભાઈ બેહરા (રહે. ચિખોદ્રા, ગોધરા)ને ગંભીર ઈજાઓ થતાં ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યું હતું. જયારે કલીનર મહેફુજને માથા અને પગમાં ઈજાઓ થતાં મરણ ગયેલ હતા. આ બાબતે પાવાગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## શહેરામાં સિંધી સમાજ દ્વારા ચેટીચંદની ધામધૂમથી ઉજવણી



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરામાં સિંધી સમાજના ઈષ્ટદેવ ઝૂલેલાલની જન્મ જયંતિની સિંધી સમાજ દ્વારા ઉલ્લાસ અને ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી. ઝૂલેલાલ મંદિર ખાતે સવાર થી સિંધી સમાજનાં ભાઈ-બહેનો પોતાના ઈષ્ટદેવ ઝૂલેલાલનાંદર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા અને નવા વર્ષની શુભ શરૂઆત કરી હતી. નગરમાં ભવ્ય શોભાયાત્રા નીકળી હતી.

શહેરામાં ઝૂલેલાલની જન્મ જયંતિની ઉજવણીને લઈને સિંધી સમાજના લોકોમાં અનેરો આનંદ અને ઉત્સાહ જોવા મળી રહયો હતો. ઝૂલેલાલ મંદિર ખાતે સિંધી સમાજનાં ભાઈ-બહેનો તેમના ઈષ્ટદેવના દર્શન કરી તેમના આશીર્વાદ મેળવી નવા વર્ષની શુભ શરૂઆત સાથે પ્રાર્થના કરી હતી. મંદિર ખાતે ધ્વજારોહણ, આરતી, ભંડારો સહિતના અનેક કાર્યક્મો પણ યોજવામાં આવ્યા હતા. યુવાનો સહિત સૌ ઝૂલેલાલના ભક્તિમય ગીતોના સથવારે નાચતા ગાતા ખુશી થી ઝૂમી રહયા હતા. દવિસ દરમિયાન યુવાનો સહિત સૌ એક બીજાને સામ સામે મળતા લખ..લખ.. બંધાઈની સાથે એકબીજાને ગળે મળીને તેમના નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી. ઝૂલેલાલની શોભાયાત્રા ઝૂલેલાલ મંદિર થી નીકળી હતી. નગરના મહત્વના માર્ગો પર ફરી હતી. મોટી સંખ્યામાં સિંધી સમાજના ભાઈઓ-બહેનો અને બાળકો શોભાયાત્રામાં જોડાયા હતા. આયો લાલ ઝૂલેલાલના ગગન ભેદી નાંદ વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. આમ, જીલ્લાભરમાં પણ ચેટીચાંદ પર્વની આનંદ અને ઉલ્લાસ ભર્યા વાતાવરણમાં ઉજવણી કરાઈ હતી.

## ઝાલોદના પાવડી ગામે અજાણ્યા વાહનની ટકકરે રાહદારીનું મોત

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના પાવડી ગામે અજાણ્યા વાહનની ટક્કર વાગતાં અજાણ્યા રાહદારીનું સ્થળ પર જ મોત નિપજ્યાનું જાણવા મળ્યું છે.

દાહોદ જિલ્લામાં છેલ્લા કેટલાયે સમયથી ચાલી રહેલો ગમખ્વાર માર્ગ અકસ્માતનો સીલસીલો રોકાવાનું નામ લેતો નથી. ઝાલોદ તાલુકાના થાળા ગામે થયેલા ગમખ્વાર અકસ્માતની શાહી પણ હજી સુકાઈ નથી ત્યાં તો પાવડી ગામે સર્જાયેલા ગમખ્વાર અકસ્માત પોલીસ ચોપડે નોંધાયો છે. પરમ દિવસ તા. ૨૧ માર્ચના રોજ રાત્રીના નવેક વાગ્યાના સુમારે એક અજાણ્યો વાહન ચાલક રાત્રીના અંધારામાં પોતાના કબજાનું વાહન પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ જતાં રસ્તામાં લીમડીથી દાહોદ જતાં હાઈવે પર પાવડી ગામે ઘાસીયા ફળીયામાં રોડ પર પગપાળા જઈ રહેલા ૩૫ થી ૪૦ વર્ષની ઉંમરના અજાણ્યા રાહદારીને અડફેટમાં લઈ માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી સ્થળ પર તેનું મોત નિપજાવી વાહન ચાલક તેના કબજાનું વાહન લઈ નાસી ગયો હતો.

આ સંબંધે પાવડી ગામના લુહાર ફળિયામાં રહેતા સુરેશભાઈ ચુનીયાભાઈ પલાસે લીમડી પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા પોલીસે આ સંદર્ભે અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.





તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

સુમંગલમ ફાઉન્ડેશનના માર્ગદર્શન હેઠળ ખેડૂતો વૈજ્ઞાનીક પદ્ધતિ ખેતી કરતા થાય ખેડૂતો નવી પદ્ધતિઓ અપનાવે અને પોતાના જીવણમાં પ્રેરણા મળી રહે તે હેતુ કૃષિ યુનિવર્સીટી આણંદ તેમજ ભારતીય જમીન અને જળ સરક્ષણ સંસ્થાન વાસદ ખાતે પ્રેરણા પ્રવાસનું આયોજન કરવામાં આવેલ. તેમાં સરસવા, પોચલી, નાથપુરા, બાકરોલ,વાવ, ઝાબ ગામના ખેડૂતો સહભાગી થયાં હતા અને જળ, જંગલ, જમીન માટે માર્ગદર્શન મેળવેલ.

## ગોધરા તાલુકાના વાવડી રેલ્વે સ્ટેશન પાસે ટ્રેનની અડફેટે અજાણ્યા વ્યકિતનું મોત

ગોધરા,

ગોધરા તાલુકાના વાવડી રેલ્વે સ્ટેશન પાસે કોઈ અજાણ્યો ઈસમ ટ્રેનની અડફેટમાં આવી જતાં સ્થળ ઉપર મોત નિપજાવા પામ્યું.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના વાવડી રેલ્વે સ્ટેશન પાસે કોઈ અજાણ્યો ઈસમ ૨૨ માર્ચના રોજ કોઈ ટ્રેનની અડફેટમાં આવી જતાં શરીરે ગંભીર ઈજાઓ થતાં અકસ્માત સ્થળે મોત નિપજાતાં આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી.

## દાહોદ જિલ્લા શિક્ષણ અધિકારી મયુર પારેખે પ્રસરાવી માનવતાની મહેક

દાહોદ,

દાહોદ જિલ્લામાં આવેલ જી.એલ. શેઠ હાઈસ્કૂલ સિંગવડના વિદ્યાર્થી ભુરીયા શિવરાજભાઈ કાલીદાસ નુતન હાઈસ્કુલ, લીમખેડા ખાતે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા આપી રહ્યા હતા. જેઓને તારીખ ૨૨/૩ /૨૦૨૩ ના રોજ ટ્યુશન થી ઘરે જતા અકસ્માત થયો હતો અને બંને હાથ તથા ખભા ના ભાગે ઈજાઓ થઈ હતી અને તેઓને આજ રોજ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના અંગ્રેજી વિષયની પરીક્ષા આપવાની હતી અને આ વિદ્યાર્થીની જાણ ઝાલોદના ધારાસભ્ય મહેશભાઈ ભૂરિયાએ જિલ્લા શિક્ષણાધિકારી મયુર પારેખને આજરોજ ૧૧.૩૦ કલાકે કરતા તેઓએ તાત્કાલિક આ વિદ્યાર્થી પરીક્ષા આપી શકે અને તેનું વર્ષ ના બગડે તે માટે માનવતાના ધોરણે ધોરણ-૧૧ માં અભ્યાસ કરતા વિદ્યાર્થિની રાઈટર તરીકેની મંજૂરી આપી વ્યવસ્થા કરી આપી હતી અને આંમ, ભુરીયા શિવરાજે આજ રોજ પરીક્ષા આપી હતી. આ તબક્કે વિદ્યાર્થીના વાલીએ જિલ્લા શિક્ષણ અધિકારી મયુર પારેખ તથા સ્થળ સંચાલક એસ.પી.પરમારનો આભાર વ્યક્ત કરી આંનદ વ્યક્ત કર્યો હતો.